

સંજોગ ન્યૂઝ

SANJOG NEWS DAILY GUJARATI - AMRELI, RNI NO. GUJGUJ/2017/75270, Postal Reg.No.AMR/207/Validup to 2024-26

Year -10 । Issue- 38। AD - 2026, Aso Vad-14 । Saturday, Dt. 07-11-2026 । Editor : Vasant Movliya : Phone : (02792) 225225 । E-mail : sanjognews@gmail.com । Page-08 Price : Rs.3-00

ટ્રમ્પ સરકારની નીતિઓ સામે અનેક મોરચે લડવાની ડેમોક્રેટિક પાર્ટીની તૈયારી

ડેમોક્રેટિક પાર્ટીએ મધ્યસત્ર ચૂંટણી જીત્યા બાદ ટ્રમ્પની મુશ્કેલીમાં વધારો

વોશિંગ્ટન, તા.૦૬

અમેરિકામાં મધ્યસત્ર ચૂંટણીઓના પરિણામોએ રાજકીય સમીકરણો બદલી નાખ્યાં છે. અત્યાર સુધીના પરિણામો મુજબ ડેમોક્રેટિક પાર્ટીએ સંસદના બંને ગૃહો હાઉસ ઓફ રિપ્રેઝન્ટેટિવ્સ અને સેનેટમાં બહુમતી મેળવી રિપબ્લિકન પાર્ટીને મોટો રાજકીય ફટકો આપ્યો છે. આ ઉપરાંત અનેક રાજ્યોમાં ગવર્નર અને વિધાનસભાની ચૂંટણીઓમાં પણ ડેમોક્રેટ્સે સફળતા મેળવી છે. પરિણામે રાષ્ટ્રપતિ ડોનાલ્ડ ટ્રમ્પની નીતિઓ સામે જનતાનો વિરોધ અને ડેમોક્રેટિક પાર્ટી પ્રત્યેનું સમર્થન વધતું હોવાનો સંકેત મળ્યો છે. રાષ્ટ્રપતિ પદની ચૂંટણી ન હોવા છતાં મધ્યસત્ર ચૂંટણીના પરિણામો ટ્રમ્પના સત્તાકાળને અસર કરી શકે છે. અમેરિકાની લોકશાહી વ્યવસ્થામાં કારોબારી શાખાના નિર્ણયો પર સંસદનું નિયંત્રણ મહત્વનું છે. બંને ગૃહોમાં રિપબ્લિકન બહુમતી ગુમાવતાં ટ્રમ્પ માટે પોતાની નીતિઓ અમલમાં મૂકવી મુશ્કેલ બની શકે છે. જોકે સંસદમાં અવરોધો ઊભા થતાં ટ્રમ્પ વધુ આક્રમક રીતે પોતાના રાજકીય એજન્ડાને આગળ ધપાવે તેવી શક્યતા પણ વ્યક્ત થઈ રહી છે. અમેરિકાની સંસદના નીચલા ગૃહની તમામ ૪૩૫ બેઠકો અને સેનેટની ૧૦૦માંથી ૩૫ બેઠકો માટે ચૂંટણી યોજાઈ હતી. પરિણામો અનુસાર ડેમોક્રેટ્સે હાઉસ ઓફ રિપ્રેઝન્ટેટિવ્સમાં ૨૪૫ બેઠકો મેળવી ૨૧૮ના બહુમતીના આંકડાને પાર કર્યો છે. જ્યારે સેનેટમાં પણ ૫૧ના બહુમતીના આંકડા સામે



૫૪ બેઠકો મળવાનો અંદાજ છે. બંને ગૃહોમાં બહુમતી મળ્યા બાદ ડેમોક્રેટિક પાર્ટીએ ટ્રમ્પ સરકારની નીતિઓ સામે અનેક મોરચે લડવાની તૈયારી કરી છે. આરોગ્ય ક્ષેત્રે મેડિકેડમાં કરવામાં આવેલા કાપને પાછા ખેંચવા, ઓબામાકેરની સબસિડી પુનઃસ્થાપિત કરવા અને દવાઓના ભાવ નિયંત્રિત કરવા પ્રાથમિકતા આપવામાં આવશે. આ ઉપરાંત ટ્રમ્પના નજીકના સહયોગીઓ, પરિવારના વ્યવસાયિક વ્યવહારો, ક્રિપ્ટોકરન્સી રોકાણ, સોશિયલ મીડિયા પોસ્ટ્સ અને વિદેશી દેશો સાથેના આર્થિક સંબંધોની તપાસ માટે સમન્સ તથા સંસદીય સુનાવણી યોજવાની તૈયારી છે. સંરક્ષણ સચિવ પીટ હેગસેથ સહિતના કેટલાક મંત્રીઓ સામે મહાભિયોગની કાર્યવાહી કરવાની શક્યતા પણ ચર્ચાઈ રહી છે. ડેમોક્રેટ્સ હાલ ટ્રમ્પ સામે ત્રીજા મહાભિયોગને બદલે તેમના મંત્રીમંડળના સભ્યોને નિશાન બનાવવાની રણનીતિ અપનાવી રહ્યા છે. સાથે ન્યાયિક અને વહીવટી નિમણૂકો અટકાવવા, સરકારી કરાર મેળવનારાઓના રાજકીય દાન પર નિયંત્રણ મૂકવા અને સાંસદોના શેરબજારના વ્યવહારો પર પ્રતિબંધ મૂકવા જેવા સુધારાઓની પણ તૈયારી છે. આ સમગ્ર વ્યૂહરચનાનો મુખ્ય હેતુ ટ્રમ્પ સરકાર પર અંકુશ રાખવાની સાથે વર્ષ ૨૦૨૮ની રાષ્ટ્રપતિ ચૂંટણી માટે રાજકીય જમીન તૈયાર કરવાનો છે.

ટ્રમ્પ દ્વારા લાદવામાં આવેલા વેપાર ટેરિફ, ખાસ કરીને કેનેડા પરના ટેરિફનો વિરોધ કરી તેને દૂર કરવા કાયદાકીય પ્રયાસો પણ કરવામાં આવશે. ઈરાન સાથેના યુધ્ધના મુદ્દે પણ ડેમોક્રેટ્સ ટ્રમ્પ પર નિયંત્રણ લાવવા કોંગ્રેસની મંજૂરી ફરજિયાત બનાવતો પ્રસ્તાવ લાવવાની તૈયારીમાં છે. સરકારી ભંડોળ અને બજેટની મંજૂરીને પણ રાજકીય વ્યૂહરચનાના ભાગરૂપે ઉપયોગમાં લેવામાં આવશે.

ભારતમાં રહેતા ૬ સમુદાયોના લોકોને હવે વિઝા લેવાની જરૂર પડશે

નવી દિલ્હી,તા.૦૬

પાકિસ્તાન, બાંગ્લાદેશ અને અફઘાનિસ્તાનમાંથી ધાર્મિક ઉત્પીડનને કારણે ભારતમાં આવેલા છ બિન-મુસ્લિમ સમુદાયોના લોકોને ભારતમાં રહેવા માટે હવે વિઝા મેળવવો પડશે. આ સમુદાયોમાં હિન્દુ, શીખ, બૌધ્ધ, જૈન, પારસી અને ખ્રિસ્તીઓનો સમાવેશ થાય છે. અગાઉ આ લોકોને પાસપોર્ટ અને વિઝા બંનેની અનિવાર્યતામાંથી મુક્તિ આપવામાં આવી હતી.કેન્દ્ર સરકારના ગૃહ મંત્રાલયે



પ્રતીકાત્મક

ગુરુવારે ઈમિગ્રેશન નિયમોમાં નવા સુધારાની અધિસૂચના જાહેર કરી છે. આ સુધારો ૩૧ ડિસેમ્બર, ૨૦૨૪ના રોજ અથવા તે પહેલાં ભારતમાં આવેલા લોકોને લાગુ પડશે. તેમાં માન્ય પ્રવાસ દસ્તાવેજો વિના ભારતમાં પ્રવેશેલા લોકો તેમજ જેમના પાસપોર્ટ કે અન્ય પ્રવાસ દસ્તાવેજોની મુદત પૂર્ણ થઈ ગઈ છે, તેમનો પણ સમાવેશ કરવામાં આવ્યો છે.નવા નિયમો હેઠળ અગાઉ આપવામાં આવેલી પાસપોર્ટ અને વિઝાની છૂટમાં ફેરફાર કરવામાં આવ્યો છે. આ ઉપરાંત ગૃહ મંત્રાલયે પાકિસ્તાની નાગરિકો અને ભારતીય મૂળના કેટલાક વિદેશીઓને પાસપોર્ટનું નવીનીકરણ કરાવવામાં રાહત આપી છે.

સાથે જ ભારત, નેપાળ અને ભૂટાન વચ્ચે મુસાફરીને લગતા નિયમો પણ સ્પષ્ટ કરવામાં આવ્યા છે. આ સુધારાઓથી ઈમિગ્રેશન અને સરહદી મુસાફરીના નિયમોમાં નવી સ્પષ્ટતા આવશે.

બેંગલુરુમાં કેબચાલકે પત્ની સહિત સાસરીયાના સાત સભ્યોની નિર્મમ હત્યા કરતા ખળભળાટ

બેંગલુરુ,તા.૦૬

કર્ણાટકના બેંગલુરુમાં ઘરેલું વિવાદની હૃદયદ્રાવક ઘટનામાં એક કેબચાલકે પોતાની પત્ની સહિત પરિવારના સાત સભ્યોની હત્યા કરી નાખતાં સમગ્ર વિસ્તારમાં ચકચાર મચી ગઈ છે. મૃતકોમાં સાત વર્ષના બાળકનો પણ સમાવેશ થાય છે. આ મામલે પોલીસે આરોપી શેખરની ધરપકડ કરી આગળની તપાસ હાથ ધરી છે.પોલીસના જણાવ્યા અનુસાર, શેખરના લગ્ન આશરે ૨૦ વર્ષ પહેલાં સુનીતા સાથે થયાં હતાં. સુનીતાના પિયર જવા અંગે પતિ-પત્ની વચ્ચે અવારનવાર ઝઘડા થતા હતા. સુનીતાની માતા અને ભાઈ પણ આ બાબતમાં તેનો પક્ષ લેતા હોવાથી શેખર નારાજ રહેતો હતો. આ બાબતનો રોષ રાખીને તેણે સમગ્ર પરિવારની હત્યાનું કાવતરું ઘડ્યું હોવાનું પ્રાથમિક તપાસમાં સામે આવ્યું છે.આરોપ છે કે શેખરે સૌપ્રથમ ઘરમાં જ સિલબટ્ટા વડે પત્ની સુનીતાની હત્યા કરી હતી. ત્યારબાદ તેના મૃતદેહને કપડામાં લપેટીને નંદી હિલ્સ નજીક ફેંકી દીધો હતો.



સુનીતાનો મોબાઈલ ફોન બંધ કરી પડોશીઓને તે ફરવા ગઈ હોવાનું જણાવ્યું હતું.ત્યારબાદ બીજા દિવસે શેખરે પોતાના બે સાળા શિવકુમાર અને શંકરને પાર્ટીના બહાને ઘરે બોલાવ્યા હતા અને તેમની હત્યા કરી હતી. આ પછી શિવકુમારની પત્ની દિવ્યા, શંકરની પત્ની નલિની, પોતાની સાસુ રૂપવતી અને શિવકુમારના સાત વર્ષના પુત્ર પુનીતની પણ હત્યા કરી નાખી હતી. પોલીસે આરોપીની ધરપકડ કરી હત્યાકાંડ અંગે વધુ તપાસ શરૂ કરી છે.

ઝારખંડમાં બેફામ ટ્રેલરે સાત લોકોને કચડતા મોત


ખૂંટી,તા.૦૬

ઝારખંડના ખૂંટી જિલ્લામાં ગુરુવારે મોડી રાત્રે સર્જાયેલા ગમખ્વાર માર્ગ અકસ્માતમાં સાત લોકોનાં કરુણ મોત થયાં હતાં. મૃતકોમાં ત્રણ મહિલાઓ અને ચાર બાળકોનો સમાવેશ થાય છે, જ્યારે એક વ્યક્તિ ગંભીર રીતે ઘાયલ થઈ છે. મૃતકોમાં બે પરિવારોના સભ્યોનો સમાવેશ થાય છે. અકસ્માત બાદ ટ્રેલરચાલક વાહન છોડીને ફરાર થઈ ગયો હતો.પ્રાપ્ત માહિતી અનુસાર, કર્રા વિસ્તારમાં કોશાંબી કોલોની નજીક એક સ્કૂટીચાલકે કાબૂ ગુમાવતાં સ્કૂટી



ઝાડીમાં ઘૂસી ગઈ હતી. અવાજ સાંભળીને આસપાસના લોકો મદદ માટે દોડી આવ્યા હતા. કેટલાક લોકો ઝાડીમાં ફસાયેલા યુવકને બહાર કાઢી રહ્યા હતા. આ દરમિયાન તોરપા તરફથી પૂરપાટ ઝડપે આવી રહેલા ટ્રેલરે રસ્તા પર ઊભેલી મહિલાઓ અને બાળકોને અડફેટે લીધાં હતાં.આ અકસ્માતમાં ફગન સંગા, કર્મી લોહરાઈન, સુભાની કુમારી, સોની કુમારી, જંવતી દેવી, અંજલી કુમારી અને સૌરભ નાયકનાં મોત થયાં હતાં. બિરસા નાયકના પરિવારના સભ્યો ઉપરાંત રાજેશના પરિવારના સભ્યો પણ ભોગ બન્યા હતા. બિરસાની પુત્રી ખુશ્બૂ ગંભીર રીતે ઘાયલ થતાં તેને ખૂંટીની સદર હોસ્પિટલમાં સારવાર માટે ખસેડવામાં આવી છે.ઘટનાની જાણ થતાં પોલીસ ઘટનાસ્થળે પહોંચી હતી અને મૃતદેહોને કબજામાં લીધા હતા. બીજી તરફ, સવારે સ્થાનિક લોકોએ વળતરની માંગ સાથે રસ્તો રોકી વિરોધ નોંધાવ્યો હતો.









કોલડાના સોરઠીયા બંધુઓની Ksquare Energyને રાષ્ટ્રીય સન્માન

અમરેલી,તા.૦૬

અમરેલી જિલ્લાના કુંકાવાવ તાલુકાના નાના એવા કોલડા ગામના ખેડૂત પરિવારમાંથી આવતા યુવા ઉદ્યોગપતિ કુલદીપભાઈ વિનુભાઈ સોરઠીયા અને તેમના ભાઈ કલ્પેશભાઈ સોરઠીયાની કંપની **Ksquare Energy Pvt. Ltd.**ને રાષ્ટ્રીય કક્ષાએ મોટું સન્માન મળ્યું છે.

તા. ૦૫ નવેમ્બર ૨૦૨૬ના રોજ નવી દિલ્હીના ભારત મંડપમ ખાતે ભારત સરકારના નવીન અને પુનઃપ્રાપ્ય ઊર્જા મંત્રાલય દ્વારા યોજાયેલ ભારત રિન્યુએબલ એનર્જી સમિટ અને એક્સ્પો ૨૦૨૬ના સમાપન સમારોહમાં ઉપરાષ્ટ્રપતિ સી.પી. રાધાકૃષ્ણનજીના હસ્તે **Ksquare Energy**ને એવોર્ડ એનાયત કરવામાં આવ્યો હતો. આ પ્રસંગે કેન્દ્રીય પુનઃપ્રાપ્ય ઊર્જા મંત્રી પ્રહલાદ જોષી તથા રાજ્યમંત્રી શ્રીપાદ યેસો નાઈક પણ ઉપસ્થિત રહ્યા હતા. મફત વીજળી યોજના અંતર્ગત "ટોપ પરફોર્મિંગ બ્રાન્ડ ઓનર્સ" કેટેગરીમાં **Ksquare Energy**એ સમગ્ર દેશમાં ત્રીજું સ્થાન મેળવ્યું છે. **Ksquare** બ્રાન્ડ હેઠળ જોડાયેલા વેન્ડર્સ દ્વારા દેશભરમાં કુલ ૧,૭૮,૯૩૯ રૂફટોપ સોલાર ઈન્સ્ટોલેશન કરવામાં આવ્યાં છે. કંપની સોલાર ઈન્સ્ટોલર્સને ઈન્વર્ટર, એસીડીબી, ડીસીડીબી બોક્સ, કેબલ અને અન્ય બેલેન્સ ઓફ સિસ્ટમ સામાન પૂરો પાડે છે. દેશભરના અનેક



સોલાર વેન્ડર્સ પીએમ સૂર્ય ઘર પોર્ટલ પર **Ksquare**ને પોતાની બ્રાન્ડ તરીકે પસંદ કરે છે, તેથી તેમના દ્વારા થયેલાં ઈન્સ્ટોલેશન **Ksquare** બ્રાન્ડ હેઠળ ગણાય છે. આ ઉપરાંત કંપનીની પોતાની ઈપીસી ટીમે દેશનાં વિવિધ રાજ્યોમાં ૭,૦૦૦થી વધુ ઘરો પર સીધી સોલાર સિસ્ટમ લગાવી છે.

કોલડાની શાળાથી ભારત મંડપમ સુધી

કુલદીપભાઈએ ધોરણ ૭ સુધીનું પ્રાથમિક શિક્ષણ કોલડા ગામની પ્રાથમિક શાળામાં લીધું હતું. ત્યારબાદ પિતા વિનુભાઈએ તેમને રાજકોટના સ્વામિનારાયણ ગુરુકુળમાં અભ્યાસ માટે મોકલ્યા હતા. આગળ જતાં તેમણે અમદાવાદમાં ઇલેક્ટ્રિકલ એન્જિનિયરિંગમાં બી.ઈ., ગુજરાત ટેક્નોલોજીકલ યુનિવર્સિટીમાંથી ફાઇનાન્સમાં એમબીએ અને આઈઆઈએમ નાગપુરમાંથી ડેટા સાયન્સમાં પીજીડીએમ પૂર્ણ કર્યું.માત્ર ૩.૧૫,૦૦૦ની નાની મૂડીથી શરૂ થયેલી આ કંપની આજે પાંચ રાજ્યોમાં કાર્યરત છે અને ૧૩૫થી વધુ લોકોને રોજગારી આપે છે. સ્થાપક અને મેનેજિંગ ડિરેક્ટર કુલદીપભાઈ કંપનીની દિશા અને વિકાસ સંભાળે છે, જ્યારે સહ-સ્થાપક અને ડિરેક્ટર કલ્પેશભાઈ કંપનીની તમામ કામગીરી પર નજર રાખે છે. બંને ભાઈઓએ સાથે મળીને કંપનીને આજની ઊંચાઈ સુધી પહોંચાડી છે.

"આ સન્માન કોલડા અને અમરેલીનું છે"


એવોર્ડ મળ્યા બાદ બંને ભાઈઓએ જણાવ્યું હતું કે, આ સન્માન ભગવાનના આશીર્વાદ, માતા-પિતાના સંસ્કાર અને બંને ભાઈઓના સાથનું પરિણામ છે. કોલડા ગામની શાળાથી શરૂ થયેલી આ સફર આજે દેશના સૌથી મોટા મંચ સુધી પહોંચી છે. તેમણે આ એવોર્ડ કંપનીની સમગ્ર ટીમ, વેન્ડર ભાગીદારો, ગ્રાહકો અને અમરેલી જિલ્લાના દરેક વ્યક્તિને અર્પણ કર્યો હતો. આ સિદ્ધિથી કોલડા ગામ, કુંકાવાવ તાલુકા અને સમગ્ર અમરેલી જિલ્લામાં ગૌરવ અને આનંદની લાગણી ફેલાઈ છે.

ઉપરાષ્ટ્રપતિના હસ્તે એવોર્ડ એનાયત; પીએમ સૂર્ય ઘર યોજનામાં દેશમાં ત્રીજું સ્થાન મેળવી બંને યુવાનોએ ફરી દેશભરમાં નામ રોશન કર્યું

ધારીના ગીગાસણ ગામે ભય ફેલાવતો દીપડો પાંજરે પુરાયો

ધારી,તા.૦૬

ધારી તાલુકાના ગીગાસણ ગામે લોકોમાં ભય ફેલાવી રહેલો દીપડો આખરે વન વિભાગના પાંજરે પુરાયો હતો. દલખાણીયા રેન્જના આર.એફ.ઓ.ના સીધા માર્ગદર્શન હેઠળ દીપડાને પકડવા માટે અલગ-અલગ સ્થળોએ પાંજરા ગોઠવવામાં આવ્યા હતા. દરમિયાન દીપડો પાંજરામાં આબાદ ઝડપાઈ ગયો હતો. ગીર



તસવીર : સંજય વાળા

પૂર્વ વન વિભાગ દ્વારા એક જ દિવસમાં બે દીપડાઓને પાંજરે પુરવામાં સફળતા મેળવી છે. દીપડો ઝડપાઈ જતાં ગીગાસણ ગામના સ્થાનિક લોકોમાં ફેલાયેલો ભય દુર થયો હતો અને ગ્રામજનોએ રાહતનો શ્વાસ લીધો હતો.

બાબરામાં બાળલગ્ન નાબૂદી માટે ASHA યોજના અંતર્ગત જાગૃતિ શિબિર યોજાઈ

બાબરા,તા.૦૬



તસવીર : દિપક કનેયા

અમરેલી જિલ્લા કાનૂની સેવા સત્તા મંડળ દ્વારા **NALSA**ની **ASHA** યોજના અંતર્ગત બાળલગ્ન નાબૂદી માટે જાગૃતિ શિબિર યોજાઈ હતી. જેમાં આર. કે. ગોસ્વામી દ્વારા બાળલગ્ન કાયદાકીય ગુનો હોવા અંગે તેમજ બાળકોના અધિકારોના રક્ષણ અંગે માર્ગદર્શન અપાયું હતું. જરૂરિયાતમંદ બાળકોને મફત કાનૂની સહાય અને પુનર્વસન અંગે માહિતી આપી હેલ્પલાઈન ૧૫૧૦૦ અને ૧૦૯૮નો ઉપયોગ કરવા અપીલ કરાઈ હતી.

જિલ્લામાં બે મહિલાઓ પાસેથી ૯ લીટર દેશી દારૂ મળી આવ્યો

અમરેલી,તા.૦૬

અમરેલી જિલ્લામાં બે મહિલાઓ પાસેથી ૯ લીટર દેશી દારૂ મળી આવ્યો હતો. સરકારી પીપળવા ગામેથી ૪ લીટર અને ધામેલ ગામેથી ૫ લીટર દેશી દારૂ પકડાયો હતો. જિલ્લામાં વિવિધ સ્થળોએથી ૯ લોકો પાસ-પરમિટ વગર કેફી પીણું પીધેલી અવસ્થામાં (નશાની હાલતમાં) ફરતા મળી આવ્યા હતા.

અમરેલી જિલ્લામાં સિનિયર સિટીઝન સ્પર્ધાનું આયોજન

અમરેલી,તા.૦૬

સ્પોર્ટ્સ ઓથોરિટી ઓફ ગુજરાત દ્વારા વર્ષ ૨૦૨૬-૨૭ માં ૫૦ વર્ષથી વધુ ઉંમરના વયોવૃધ્ધ ભાઈઓ-બહેનો માટે સિનિયર સિટીઝન સ્પર્ધાનું આયોજન કરવામાં આવ્યું છે. વયોવૃધ્ધ લોકોનું સ્વાસ્થ્ય જળવાઈ રહે અને રમતગમત સાથે જોડાયેલા રહે તે હેતુથી એથ્લેટિક્સ, વોલીબોલ, યોગાસન, ચેસ, કેરમ, રસ્સાખેંચ અને ટેનિસબોલ ક્રિકેટ સહિત સાત રમતો યોજાશે. અમરેલી જિલ્લામાં સ્પર્ધાનું આયોજન જિલ્લા રમતગમત અધિકારીની કચેરી દ્વારા કરાશે. ભાગ લેવા ઇચ્છુક ખેલાડીઓએ નિયત ફોર્મ ભરીને ૧૫ નવેમ્બર સુધીમાં ચિતલ રોડ સ્થિત જિલ્લા રમતગમત કચેરીએ જમા કરાવવાનું રહેશે. વધુ માહિતી માટે ૦૨૭૯૨-૨૯૯૦૬૧ પર સંપર્ક કરવો.

વડિયા પોલીસે આઠ ગુનામાં સંડોવાયેલા શખ્સને ૬ મહિના માટે ત્રણ જિલ્લાની હદપાર કર્યો

વડિયા પી.આઈ. પી.ડી. ગોહિલના માર્ગદર્શન હેઠળ કાર્યવાહી, અમરેલી અને રાજકોટ જિલ્લાની સાથે રાજકોટ શહેરમાં પ્રવેશ પર પ્રતિબંધ

વડિયા,તા.૦૬

વડિયા પોલીસ દ્વારા ગુનાહિત પ્રવૃત્તિઓ સાથે સંકળાયેલા શખ્સો સામે કાર્યવાહી હાથ ધરવામાં આવી છે. વડિયાના ખેતાણી રોડ વિસ્તારમાં રહેતા અરમાન અલ્તાફભાઈ નાઈ વિરુધ્ધ દારૂ, ગાંજાના વેપાર, મારામારી અને ગુંડાગીરી સહિતના આઠ ગુનાઓ નોંધાયેલા હતા. રાજકોટ, જેતપુર અને વડિયા વિસ્તારમાં નોંધાયેલા ગુનાઓને ધ્યાનમાં રાખીને બગસરા સબ ડિવિઝનલ મેજિસ્ટ્રેટ દ્વારા તેને



છ મહિના માટે અમરેલી જિલ્લો, રાજકોટ શહેર અને રાજકોટ જિલ્લાની હદપાર કરવાનો હુકમ કરાયો હતો. વડિયા પોલીસના એ.એસ.આઈ. દાદભાઈ બળસટીયા, ભરતભાઈ મોરવાડીયા, ડ્રાઈવર જીતેશગીરી ગોસાઈ, રૂષિભાઈ કાપડીયા સહિતના સ્ટાફે ઝડપી કાયદેસરની કાર્યવાહી કરી હતી.

અલ નીનોની અસર વચ્ચે રવિ પાકના વાવેતર માટે ખેડૂતોને ખાસ કૃષિ સલાહ

અમરેલી,તા.૦૬

ચાલુ વર્ષે અલ નીનોની અસરથી વરસાદની અનિયમિતતા અને જળાશયોમાં પાણીની અછતને ધ્યાને રાખી ખેડૂતો માટે રવિ પાકના વાવેતર અંગે ખાસ કૃષિ એડવાઈઝરી જાહેર કરાઈ છે.

ખેડૂતોને જમીનમાં રહેલા ભેજનો મહત્તમ ઉપયોગ કરવા સમયસર જમીન તૈયાર કરી વાવેતર કરવા જણાવાયું છે. બિયારણને દવાનો પટ આપી, બીજનો દર વધારવા અને ટપક પિયત પધ્ધતિ અપનાવવા સલાહ અપાઈ છે. ચણા, રાયડો, જીરું, ધાણા સહિતના પાકોની સુધારેલી જાતોનું વાવેતર કરવા અનુરોધ કરાયો છે. વધુ માર્ગદર્શન માટે ગ્રામ સેવક અથવા ખેતીવાડી કચેરીનો સંપર્ક કરવા જણાવાયું છે.

લીલીયા પોલીસે ૩,૫૦૦ કિલો રેશનિંગના ચોખા સાથે બે શખ્સો ઝડપ્યા, રૂ.પ.૭૦ લાખનો મુદ્દામાલ જપ્ત

લીલીયા,તા.૦૬



લીલીયા પોલીસે ગેરકાયદેસર રીતે રેશનિંગના ચોખાની હેરાફેરી કરતા બે શખ્સોને ઝડપી પાડ્યા છે. પોલીસને ખારા ગામથી દામનગર તરફ જતા માર્ગ પર શંકાસ્પદ બોલેરો પીકઅપમાંથી આશરે ૬૦ બોરીમાં ભરેલા ૩,૫૦૦ કિલોગ્રામ ચોખા મળી આવ્યા હતા. પોલીસે શાહરૂખભાઈ પોપટીયા અને વિશાલભાઈ ગોહિલને ઝડપી લીધા હતા. ચોખાની કિંમત રૂ. ૭૦ હજાર અને બોલેરો પીકઅપની કિંમત રૂ. ૫ લાખ મળી કુલ રૂ. ૫.૭૦ લાખનો મુદ્દામાલ કબજે કર્યો હતો. લીલીયા પી.આઈ. પી.જે. રામાણી, પી.એસ.આઈ. વાય. એમ. જાડેજા અને સર્વેલન્સ સ્ટાફે આ કાર્યવાહી કરી હતી. પોલીસે **BNSS**ની કલમ ૩૫(૧)(ઈ) તથા ૧૦૬(૧) હેઠળ કાર્યવાહી હાથ ધરી છે.

રાજુલામાં ગેરકાયદે ફટાકડાના વેચાણ સામે તંત્રની કાર્યવાહી, રૂ. એક લાખના ફટાકડા જપ્ત

રાજુલા,તા.૦૬

દિવાળીના તહેવારને ધ્યાનમાં રાખીને અમરેલી જિલ્લા વહીવટી તંત્ર દ્વારા રાજુલામાં ફટાકડાના વેચાણનું સઘન ચેકિંગ હાથ ધરવામાં આવ્યું હતું. જિલ્લા કલેક્ટર વિકલ્પ ભારદ્વાજના માર્ગદર્શન હેઠળ રાજુલાના નાયબ કલેક્ટર અક્ષર વ્યાસે ટીમ સાથે મોડી રાત્રે ટાવર રોડ સહિતના વિસ્તારોમાં ફટાકડાના



સ્ટોલની તપાસ કરી હતી. આ દરમિયાન લાયસન્સ વગર અને મંજૂર સ્થળ સિવાય ફટાકડાનું વેચાણ કરતા બે વ્યક્તિઓ સામે કાર્યવાહી કરી અંદાજે રૂ. એક લાખના ફટાકડા જપ્ત કરવામાં આવ્યા હતા. મામલતદાર હરેશ પુરોહિત સહિતની ટીમ ચેકિંગમાં જોડાઈ હતી. આ ઉપરાંત અખાડા વિસ્તારમાં આગની દુર્ઘટના સમયે બચાવ કામગીરીની તૈયારી ચકાસવા મોકડ્રિલ યોજાઈ હતી. જેમાં નગરપાલિકાના ફાયર ફાઇટર, ૧૧૨ અને ૧૦૮ની ટીમોએ ભાગ લીધો હતો. નાયબ કલેક્ટર અક્ષર વ્યાસે મોકડ્રિલ સફળ રહી હોવાનું જણાવ્યું હતું.

Jitendra Sanghani
Cell : 98254 22922

MARUTI SUZUKI

મારૂતિ સુઝુકી સર્વિસ સ્ટેશનનું એકમાત્ર સ્થળ તથા
સંપૂર્ણ આધુનિક સુવિધા સાથેનો વિશ્વાસપાત્ર અને અનુભવી સ્ટાફ

કારકેર સેન્ટર

(Maruti Authorised Workshop)





વ્હીલ એલાઇમેન્ટ,વ્હીલ બેલેન્સીંગ, મીકેનીક કામ,
રીપેરીગ, વોશિગ તેમજ સર્વિસ કરી આપનાર

ચકકરગઢ રોડ, અમરેલી-૩૬૫ ૬૦૧

ફોનઃ ૦૨૭૯૨ ૨૨૦૦૯૯, E-mail: carcarerushi@rediffmail.com



॥ શ્રી ગણેશાય નમઃ ॥ ॥ શ્રી ૧૧ ॥ ॥ શ્રી બાલમુકુંદજી પ્રભુ વિજયતે ॥

અમરેલીના આંગણે વિશ્વાસ અને સુંદરતાનું નવું સરનામું...



યમુના જ્વેલર્સ

(અમરાપુર વાળા)

અમે અત્યંત આનંદ સાથે જણાવીએ છીએ કે,
આપના અતૂટ વિશ્વાસ અને સાથ-સહકારને કારણે
યમુના જ્વેલર્સ હવે એક ભવ્ય અને
નવા સોપાન સાથે આપની સેવામાં સજ્જ છે.

- શુદ્ધતાની ખાતરી : 100% હોલમાર્કવાળા દાગીના
- નવીનતમ ડિઝાઈન : એન્ટિક, રાજવાડી અને મોર્ડન જ્વેલરીનો વિશાળ ખજાનો
- પારદર્શક વ્યવહાર : વ્યાજબી મજૂરી અને વિશ્વાસપાત્ર સર્વિસ

અમારા નવા આધુનિક શો-રૂમની મુલાકાત લો અને આપની સુંદરતામાં ચાર ચાંદ લગાવો.

સ્થળ : દુ.નં. - 3, પટેલ વાડી
શોપિંગ સેન્ટર, હીરામોતી ચોક,
લીલીયા રોડ, અમરેલી.

હીરેનભાઈ ચંદુભાઈ સોની
મો. ૯૪૨૯૨ ૨૦૮૪૭/૯૧૪૧૨ ૦૭૭૩૬

રાજ્યના અનેક શહેરોમાં નૂતન વર્ષ મંગળવારે છે ત્યારે

બગસરામાં નૂતન વર્ષની ઉજવણીની તારીખને લઈ મતમતાંતર, નાગરિકોમાં ભારે મૂંઝવણ

સનાતન સહિતના સંગઠનો ૧૦ નવેમ્બરે નૂતન વર્ષ ઉજવશે, જ્યારે તિથિની ગણતરીને આધારે અલગ-અલગ જાહેરાતોથી દ્વિધા

બગસરા,તા.૦૬

બગસરા શહેરમાં દિવાળી અને નૂતન વર્ષની ઉજવણીની તારીખને લઈને વિવિધ સંસ્થાઓ અને ધાર્મિક સંપ્રદાયો વચ્ચે મતમતાંતર સર્જાતાં નાગરિકોમાં મૂંઝવણ ફેલાઈ છે. તારીખ ૮ નવેમ્બરે બપોરે ૧૧:૨૯ વાગ્યા સુધી કાળી ચૌદશ અને ત્યારબાદ દિવાળી શરૂ થશે. જ્યારે ૯ નવેમ્બરે બપોરે ૧:૩૦ વાગ્યા સુધી અમાસ હોવાથી ત્યારબાદ ચોપડા પૂજન, ગોવર્ધન પૂજા અને અન્નકૂટ દર્શન યોજાશે.બગસરા નગરસેવા સદન, ચેમ્બર ઓફ કોમર્સ, વિવિધ મંદિરો અને સામાજિક આગેવાનોની સંયુક્ત બેઠકમાં ૯ નવેમ્બરે નૂતન વર્ષ ઉજવવાનો નિર્ણય જાહેર કરાયો છે. બીજી તરફ સનાતન ગ્રુપ દ્વારા શિક્ષા ફેરવી લોકોને ૧૦ નવેમ્બરે નૂતન વર્ષ ઉજવવા અપીલ કરવામાં આવશે. ઓક્સિજન ગ્રુપ, જયશ્રી રામ ગ્રુપ, રામેશ્વર ગ્રુપ સહિતના વેપારીઓ પણ ૧૦ નવેમ્બરે ઉજવણી કરશે. પુષ્ટિમાર્ગીય વૈષ્ણવ પરંપરા મુજબ પણ ૧૦ નવેમ્બર નૂતન વર્ષારંભ અને ૧૧ નવેમ્બરે ભાઈબીજ ઉજવાશે. આમ, અલગ-અલગ જાહેરાતોને કારણે શહેરમાં નૂતન વર્ષના સાચા દિવસ અંગે ચર્ચા જાગી છે.

ધારીના દેવળા ગામે બાળકી પર હુમલો કરનાર દીપડો પાંજરે પૂરાયો

ધારી,તા.૦૬

ધારી તાલુકાના દેવળા ગામે બાળકી પર હુમલો કરનાર દીપડાને આખરે વન વિભાગે પકડી પાડ્યો છે. ઘટનાને પગલે વન વિભાગ દ્વારા દીપડાને પકડવા માટે તાત્કાલિક કામગીરી હાથ ધરવામાં આવી હતી. આ અંતર્ગત અલગ અલગ સ્થળોએ ત્રણ પાંજરાં ગોઠવવામાં આવ્યાં હતાં. વન વિભાગની સતત દેખરેખ અને પ્રયાસોના પરિણામે મોડી રાત્રે ૩ વાગ્યાના અરસામાં દીપડો એક પાંજરામાં આબાદ ઝડપાઈ ગયો હતો. દીપડો પકડાઈ જતાં સ્થાનિક લોકોએ રાહતનો શ્વાસ લીધો હતો. ત્યારબાદ વન વિભાગની ટીમ દ્વારા પકડાયેલા દીપડાને વધુ તપાસ અને સંભાળ માટે એનિમલ કેર ખાતે ખસેડવામાં આવ્યો હતો.


તસવીર : સંજય વાળા

વન વિભાગની ત્વરિત કામગીરીથી મોડી રાત્રે 3 વાગ્યે દીપડો ઝડપાયો, એનિમલ કેર ખાતે ખસેડાયો

તહેવારોની ખરીદીથી રાજુલાના રસ્તાઓ પર ટ્રાફિક જામની સ્થિતિ

અમરેલી,તા.૦૬



તહેવારોના માહોલમાં ખરીદી માટે લોકોની ભીડ વધતાં રાજુલાના મુખ્ય રસ્તાઓ પર વાહનોની લાંબી કતારો જોવા મળી રહી છે. ટ્રાફિકની સમસ્યાને નિયંત્રિત કરવા રાજુલા પોલીસે ખાસ કામગીરી શરૂ કરી છે. રાજુલા પોલીસ સ્ટેશનના પી.આઈ. કોલાદરાના માર્ગદર્શન હેઠળ પોલીસની અલગ-અલગ ટીમો મુખ્ય રસ્તાઓ પર ફરજ બજાવી રહી છે.

અમરેલી જિલ્લા ભાજપની સંગઠનલક્ષી બેઠક યોજાઈ

અમરેલી,તા.૦૬



અમરેલી જિલ્લા ભાજપ કાર્યાલય ખાતે પ્રદેશ ભાજપની સૂચના અનુસાર સંગઠનલક્ષી અગત્યની બેઠક યોજાઈ હતી. જિલ્લા ભાજપ પ્રમુખ અતુલ કાનાણીના અધ્યક્ષસ્થાને અને સંગઠન પ્રભારી અભયસિંહ ચૌહાણની ઉપસ્થિતિમાં યોજાયેલી બેઠકમાં પ્રદેશ સહ સંગઠન મહામંત્રી અરુણ બિન્નાડીયાએ રાષ્ટ્રીય સમસ્યાઓ, સરહદી સુરક્ષા, દેશની પરિસ્થિતિ, મન કી બાત, વિપક્ષ દ્વારા ફેલાવવામાં આવતા જુઠાણા, મીડિયા અને સોશિયલ મીડિયાના ઉપયોગ સહિત સંગઠનના વિવિધ વિષયો પર માર્ગદર્શન આપ્યું હતું. અતુલ કાનાણીએ દિવાળીની શુભેચ્છા પાઠવી ૨૨ નવેમ્બરે યોજાનાર વિધાનસભા કક્ષાના સ્નેહમિલનની માહિતી આપી હતી. અભયસિંહ ચૌહાણે પક્ષની શિસ્તનું પાલન કરવા સૂચના આપી હતી. બેઠકમાં ધારાસભ્યો જે.વી. કાકડિયા, જનક તળાવિયા સહિત હોદ્દેદારો અને કાર્યકરો ઉપસ્થિત રહ્યા હતા.

મુંબઈના જૈન દાતા પરિવારે સાવરકુંડલામાં જરૂરિયાતમંદ બાળકોને ટી-શર્ટનું વિતરણ કર્યું

સાવરકુંડલા,તા.૦૬



મુંબઈના હનુમાનજી જૈન પરિવાર દ્વારા સાવરકુંડલાના જરૂરિયાતમંદ બાળકોને છેલ્લા ત્રણ વર્ષથી એક્સપોર્ટ ક્વોલિટીના ટી-શર્ટનું વિતરણ કરવામાં આવે છે. દિવાળીના પર્વે છ વિસ્તારોમાં બાળકોને ટી-શર્ટ અપાયા હતા. આ સેવાકાર્યમાં જયેશભાઈ માટલિયા, રાજુભાઈ બોરીસાગર સહિત સેવાભાવીઓએ જહેમત ઉઠાવી હતી. દાતા પરિવારની સેવાભાવનાને લોકોએ બિરદાવી હતી.

બાબરાના વલારડી ગામે વાડીએથી પરપ્રાંતિય સગીરાનું અપહરણ

બાબરા,તા.૦૬

બાબરાના વલારડી ગામે વાડીએથી પરપ્રાંતિય સગીરાનું અપહરણ કરવામાં આવ્યું હતું. આ અંગે સગીરાના પિતાએ મધ્યપ્રદેશના લીંબોડના રોહિત સિગરામભાઈ વાસ્કેલ સામે ફરિયાદ નોંધાવી હતી. તેમની વાડીની બાજુમાં તેમના વતનના લોકેશભાઈ વાસ્કેલે વાડી-ખેતર ભાગીથી રાખ્યું હતું.

તેઓની વાડીએ ક્યારેક ક્યારેક આરોપી આવતો હતો. આરોપી તેમની સગીર વયની દીકરીને લલચાવી-ફોસલાવી લગ્ન કરવાની લાલચ આપી, બદકામ કરવાના ઈરાદાથી તેના કાયદેસરના વાલીપણામાંથી અપહરણ કરી લઈ ગયો હતો. બાબરા પોલીસ સ્ટેશનના પી.આઈ. એમ.બી. ઔસુરા વધુ તપાસ કરી રહ્યા છે.

વડિયા પંથકનો ચોંકાવનારો બનાવ

'તારા ફોટા વાઈરલ કરી દઈશ' કહી વિધર્મીએ સગીરા સાથે દુષ્કર્મ આચર્યું

પરબધામ ખાતે ફરવા લઈ જઈ શારીરિક અડપલાં કરી રોકડ રકમ પડાવી લીધી

વડિયા,તા.૦૬

વડિયા પંથકમાં એક ચોંકાવનારો બનાવ સામે આવ્યો છે. એક યુવકે સગીરાને 'તું મને પૈસા આપ નહીંતર તારા ફોટા વાઈરલ કરી દઈશ' તેવી ધમકી આપી સગીરા સાથે શારીરિક સંબંધ બાંધ્યો હતો, તેમજ પરબધામ ખાતે ફરવા લઈ જઈ કિસ કરીને અડપલાં કર્યા હતા. આ અંગે સગીરાના પિતાએ જૂનાગઢના ભેંસાણ તાલુકાના ચૂડા ગામના આફતાબ ઉર્ફે મસ્તાન શાહમદાર સામે ફરિયાદ નોંધાવી હતી.પોલીસમાં જાહેર થયેલી વિગત પ્રમાણે, આરોપીએ તેમની સગીરવયની દીકરીને વર્ષ ૨૦૨૪ માં લલચાવી-ફોસલાવી પરબધામ ખાતે ફરવા લઈ ગયો હતો. ત્યાં તેની સાથે કિસ કરી, અડપલાં કરી ફોટા પાડી લીધા હતા. જે બાદ આરોપીએ તેમની દીકરીને 'તું મને પૈસા આપ નહીંતર તારા ફોટા વાઈરલ કરી દઈશ' તેવી ધમકી આપી કુલ રૂ. ૮,૨૦૦ બળજબરીથી કઢાવી લીધા હતા તેમજ શારીરિક સંબંધ બાંધ્યો હતો. વડિયા પોલીસ સ્ટેશનના ઈન્ચાર્જ પી.આઈ. પી.ડી. ગોહિલ વધુ તપાસ ચલાવી રહ્યા છે.



રાજુલાના મારુતિ નગર સોસાયટીના ગેટ પાસે અજગર દેખાતા રેસક્યૂ કરાયું

રાજુલા,તા.૦૬


તસવીર : ગોપાલ રાઠોડ

રાજુલા શહેરના છતડીયા રોડ પર આવેલી મારુતિ નગર સોસાયટીના મુખ્ય પ્રવેશદ્વાર પાસે અંદાજે ૧૦ ફૂટ લાંબો અજગર દેખાતાં સ્થાનિક રહીશોમાં કુતૂહલ સાથે ફફડાટ ફેલાયો હતો.

સોસાયટીના ગેટ પાસે અજગર જોવા મળતાં તેને નિહાળવા લોકોનાં ટોળાં એકત્રિત થયાં હતાં. ઘટનાની જાણ થતાં સોસાયટીના રહીશોએ તાત્કાલિક વન વિભાગને જાણ કરી હતી. વન વિભાગની ટીમે સ્થળ પર પહોંચી ગણતરીની મિનિટોમાં અજગરનું સફળતાપૂર્વક રેસ્ક્યુ કર્યું હતું. રહેણાક વિસ્તાર અને મુખ્ય માર્ગ નજીક અજગર દેખાતાં લોકોમાં ચિંતા પ્રસરી હતી. જોકે, વન વિભાગની સમયસરની કામગીરીથી રહીશોએ રાહતનો શ્વાસ લીધો હતો.





મહે. ખાંભાના જયુડી.મેજી.ફર્સ્ટ કલાસ સાહેબશ્રીની કોર્ટમાં, મું. ખાંભા

ફો.પ.અ.નં. ૧૬૭/૨૦૨૬
મુદત તા.૧૭/૧૨/૨૦૨૬

અરજદાર : જયેશભાઈ પોપટભાઈ રૂડકિયા
રહે.ધારી, તા.ધારી, જી.અમરેલી

વિરૂધ્ધ

સામાવાળા : જન્મ- મરણ નોંધણી અધિકારીશ્રી/ત.ક.મંત્રીશ્રી,
ગ્રામ પંચાયત કચેરી, ખડાધાર ગ્રામ પંચાયત, તા. ખાંભા, જિ. અમરેલી

અરજદારના વિ.વકીલશ્રી : કે.યુ.મોભ

જાહેર નોટીસ

આથી આ જાહેર નોટીસ આપી જણાવવામાં આવે છે કે, ઉપરોકત અરજદાર જયેશભાઈ પોપટભાઈ રૂડકિયા નો જન્મ તા.૦૧/૦૬/૧૯૭૪ ના રોજ મોજે ગામ:ખડાધાર, તા.ખાંભા મુકામે થયેલ અને તેની જન્મ-મરણ નોંધણી રજીસ્ટરે નોંધ કરાવવા અંગે અત્રેની અદાલતમાં જન્મ-મરણ નોંધણી અધિનીયમની કલમ- ૧૩(૩) મુજબ હાલની અરજ કરેલ છે. જેથી અરજદારની માંગણી મુજબ તેઓની જન્મ અંગેની નોંધ કરાવવા અંગેનો હુકમ શા માટે ન કરવો તેનું કારણ દર્શાવવા મુદત તા. ૧૭/૧૨/૨૦૨૬ ના રોજ કલાક ૧૦:૩૦ વાગ્યે સુનાવણી રાખવામાં આવેલ છે. આથી જે કોઈ ઈસમ તથા સરકારી/અર્ધસરકારી કચેરી, પેઢી, મંડળી, વ્યકિત, સ્વાયત સંસ્થા વિગેરેને સદરહું અરજી સામે વાંધો કે તકરાર હોય તો તેઓએ સદરહું મુદત તારીખે અદાલત સમક્ષ જાતે અથવા પોતાના માહીતગાર વકીલ/મુખત્યાર મારફતે અત્રેની કોર્ટમાં હાજર રહેવું. જો તેમ કરવામાં કસુર કરશો તો કાયદા અન્વયે યોગ્ય તે હુકમ કરવામાં આવશે જેની નોંધ લેશો.

આજ રોજ તા.૦૪.'ખી, માહે નવેમ્બર, સને ૨૦૨૬ ના રોજ મારી સહી તથા કોર્ટનો સિકકો કરી આપ્યું.

તૈયાર કરનાર	મુકાબલ કરનાર	કોર્ટનો સિક્કો	હુકમથી,
સહી	સહી		સહી
(બી.કે.ભુવા)	(કે.પી. રામોલિયા)		(પી.કે.હઠીનારાયણ)
આસીસ્ટન્ટ	આસીસ્ટન્ટ		રજીસ્ટ્રાર



અમરેલીમાં રૂ.૧૨૫ લાખના ખર્ચે તૈયાર થયેલા ત્રણ નવા ૧૧ કે.વી. અર્બન ફીડરોનું લોકાર્પણ



અમરેલી, તા.૦૬

પશ્ચિમ ગુજરાત વીજ કંપની લિમિટેડ (પીજીવીસીએલ) શહેર પેટા વિભાગીય કચેરી-૨ દ્વારા અમરેલીના ગ્રીન પાર્ક વિસ્તારમાં આયોજિત સમારોહમાં ઊર્જા રાજ્યમંત્રી કૌશિકભાઈ વેકરિયાના હસ્તે રૂ.૧૨૫ લાખના ખર્ચે તૈયાર કરવામાં આવેલા ત્રણ નવા ૧૧ કે.વી. અર્બન ફીડરોનું લોકાર્પણ કરવામાં આવ્યું હતું.

આ ફીડરો કાર્યરત થતાં પેટા વિભાગીય કચેરી-૨ હેઠળના આશરે ૨૧ હજાર ગ્રાહકો પૈકી ૭ હજાર ગ્રાહકોને નિયમિત, સુરક્ષિત અને અવિરત વીજ પુરવઠાનો લાભ મળશે. આ પ્રસંગે વીજ વિભાગના અધિકારીઓ અને કર્મચારીઓ સાથે સંવાદ સેતુ કાર્યક્રમ પણ યોજાયો હતો. આ પ્રસંગે કૌશિકભાઈ વેકરિયાએ જણાવ્યું હતું કે, અમરેલી શહેર સહિત સમગ્ર જિલ્લાના વીજ માળખાના આધુનિકીકરણ માટે રાજ્ય સરકાર દ્વારા આશરે રૂ.૧,૦૦૦ કરોડનું પેકેજ મંજૂર કરવાની પ્રક્રિયા આખરી તબક્કામાં છે. આ પેકેજ અંતર્ગત ખેતીવાડી, જ્યોતિગ્રામ યોજના તેમજ અમરેલી શહેરના વીજ માળખામાં મોટા પાયે સુધારા કરવામાં આવશે. જેમાં જૂના વીજ વાયરો બદલી એમ. વી.સી.સી. કેબલિંગ અને અંડરગ્રાઉન્ડ કેબલિંગની કામગીરી હાથ ધરવામાં આવશે. જેથી ભવિષ્યમાં નાગરિકોને આધુનિક અને ગુણવત્તાયુક્ત વીજ સુવિધા મળી શકશે. આ કામગીરી સમયમર્યાદામાં પૂર્ણ થાય તે માટે અધિકારીઓને આગોતરું આયોજન કરી રિવર્સ ટાઈમટેબલ તૈયાર કરવા અને કામગીરી ઝડપી બનાવવા સૂચના આપી હતી.

ઉપરાંત જિલ્લામાં વીજ વિભાગની કચેરીઓ પણ આધુનિક અને મોડેલ બને તે માટે આયોજન કરવા જણાવ્યું હતું. મંત્રીએ ઉનાળો, ચોમાસું, શિયાળો કે તહેવારોના દિવસોમાં પણ પોતાના પરિવારથી દૂર રહી ૨૪ કલાક પ્રજાની સેવા કરતા પીજીવીસીએલના લાઈન સ્ટાફ અને કર્મચારીઓની કામગીરીને બિરદાવી હતી. સમારોહમાં નગરપાલિકાની કારોબારી સમિતિના અધ્યક્ષ મૌલિકભાઈ દોશી, જિલ્લા પંચાયતની સામાજિક ન્યાય સમિતિના ચેરમેન ડેનીભાઈ પરમાર, જિલ્લા પંચાયતના સભ્ય આશિષભાઈ અકબરી સહિત રાજુભાઈ ભૂતૈયા, મેહુલભાઈ ધોરાજીયા, નિકુલભાઈ માંડણકા, જીતુભાઈ ડેર તથા પીજીવીસીએલ અને જેટકોના અધિકારીઓ, નગરસેવકો, પદાધિકારીઓ અને મોટી સંખ્યામાં કર્મચારીઓ ઉપસ્થિત રહ્યા હતા. સમગ્ર કાર્યક્રમનું આયોજન પીજીવીસીએલ અમરેલી વર્તુળ કચેરી દ્વારા કરવામાં આવ્યું હતું.

ઊર્જા રાજ્યમંત્રી કૌશિકભાઈ વેકરિયાના હસ્તે ફીડરોનું લોકાર્પણ : ૭ હજાર વીજ ગ્રાહકોને મળશે વધુ સારી વીજ સેવા, અમરેલીના વીજ માળખાના આધુનિકીકરણ માટે રૂ.૧,૦૦૦ કરોડનું પેકેજ મંજૂરીના આખરી તબક્કામાં

અમરેલી તાલુકા સહકારી સંઘમાં પ્રમુખ તરીકે જયેશભાઈ નાકરાણી ફરી બિનહરીફ ચુંટાયા

અમરેલી,તા.૦૬



અમરેલી તાલુકા સહકારી ખરીદ વેચાણ સંઘ લી.ની સમગ્ર બોર્ડ ઓફ ડીરેક્ટરની ચુંટણી બિનહરીફ થઈ હતી. આજરોજ નાયબ કલેક્ટર ડી.જે. જાડેજાના પ્રમુખ સ્થાને પ્રમુખ અને ઉપપ્રમુખની ચુંટણી યોજાઈ, જેમાં પ્રમુખ તરીકે જયેશભાઈ મોહનભાઈ નાકરાણી અગાઉના શીરસ્તા પ્રમાણે બિનહરીફ ચુંટાયા છે. ઉપપ્રમુખ તરીકે દલસુખભાઈ કાનજીભાઈ દુધાત બિનહરીફ ચુંટાયા છે. જયેશભાઈ નાકરાણી છેલ્લા વર્ષોથી સતત પ્રમુખ તરીકે બિનહરીફ ચુંટાતા આવ્યા છે. તેમના નેતૃત્વ નીચે સંસ્થાનો દર વર્ષે વધુ વિકાસ થયો છે. સભ્યોએ વિશ્વાસ મુકીને ફરી વખત તેઓને પસંદ કરી વરણી કરી છે. સને ૨૦૨૫/૨૦૨૬ ના વર્ષમાં સંસ્થાએ ૧૧.૭૫ લાખ જેવો માતબર નફો કર્યો છે. છેલ્લા ૨૬ વર્ષથી અપાતા ૧૫ ટકા ડીવીડન્ડની પરંપરા જાળવી રાખીને સભ્ય મંડળીઓને આ વર્ષે પણ ૧૫ ટકા ડીવીડન્ડ અપાયું છે. સંઘના એમ.ડી. વિઠલભાઈ તારપરા તથા મેનેજર પ્રશાંતભાઈ નાકરાણીએ આ માહીતી આપી છે.

ગાવડકા ગામે ઘરમાં ઘૂસી ફોરવ્હીલની ચાવી લઈ પરિણીતાને ધમકી આપી કાર લઈ કડીયાળીનો પુરુષ ફરાર

અમરેલી, તા.૦૬

અમરેલીના ગાવડકા ગામે ઘરમાં ઘૂસી ફોરવ્હીલની ચાવી લઈ પરિણીતાને ધમકી આપી કાર લઈને કડીયાળી ગામનો પુરુષ ફરાર થઈ ગયો હતો. આ અંગે બાલુભાઈ નાનજીભાઈ ટાંક (ઉ.વ.૫૬)એ કડીયાળી ગામના મનસુખ ભીમભાઈ સોલંકી સામે ફરિયાદ નોંધાવી હતી.ફરિયાદમાં જણાવ્યા મુજબ, ફરિયાદીના ભાગ્યાના દીકરાને આરોપી વિઠ્ઠલપુર-ખંભાળીયા ગામના મજૂર સાથે થયેલી બોલાચાલી અને ઝઘડામાં સમાધાન કરાવવા માટે પોતાની સાથે લઈ ગયો હતો. તેનું મનદુઃખ રાખી આરોપીએ તેમના ઘરમાં ગેરકાયદે પ્રવેશ કર્યો હતો. ત્યારબાદ તેમની પત્નીને પૂછ્યા વગર ઓસરીમાં પડેલી ફોરવ્હીલની ચાવી ઉપાડી લીધી હતી અને પત્નીને માર મારવાની ધમકી આપી ફળિયામાં પાર્ક કરેલી ફોરવ્હીલ બળજબરીપૂર્વક લઈ ફરાર થઈ ગયો હતો.આ મામલે અમરેલી રૂરલ પોલીસ સ્ટેશનના પીએસઆઈ જે. કે. પાંડવ વધુ તપાસ ચલાવી રહ્યા છે.

ધારી તાલુકાના ગીગાસણ ગામે ગાળો બોલી જાનથી મારવાની ધમકી આપી

ધારી,તા.૦૬

ધારીના ગીગાસણ ગામે ગાળો બોલી જાનથી મારવાની ધમકી આપી હતી. વિનુભાઈ ભાયાભાઈ કોટડીયા (ઉ.વ.૫૦)એ યોગરાજભાઈ ઉર્ફે નાજાભાઈ પ્રતાપભાઈ વાળા સામે ફરિયાદ નોંધાવી હતી. પોલીસમાં જાહેર થયેલી વિગત પ્રમાણે આશરે એકાદ વર્ષ પહેલા તેમણે તેમના ભત્રીજા મયુરભાઈ રમેશભાઈ કોટડીયા સાથે મળી આરોપી વિરૂધ્ધ ધારી પોલીસ સ્ટેશન ખાતે ફરિયાદ આપી હતી.

જે બાબતનું મનદુઃખ રાખી તેમના પત્ની ભાનુબેન ઘરે એકલા હોય ત્યારે આરોપીએ તેના ઘરના ડેલા પાસે મનફાવે તેમ ગાળો આપી જાનથી મારી નાખવાની ધમકી આપી હતી. ધારી પોલીસ સ્ટેશનના હેડ કોન્સ્ટેબલ આર. ડી. વાળા વધુ તપાસ કરી રહ્યા છે.

અમરેલીના ગાવડકા ગામે ગાળો ન બોલવાનું કહેતાં લાફા માર્યા

અમરેલી,તા.૦૬

અમરેલીના ગાવડકા ગામે ગાળો ન બોલવાનું કહેતાં એક યુવકે પ્રૌઢ અને તેમના પિતા પર હુમલો કર્યો હતો. બનાવ અંગે ભરતભાઈ પોપટભાઈ ટાંક (ઉ.વ.૫૫)એ સાહિલભાઈ સુમરા સામે નોંધાવેલી ફરિયાદ મુજબ, આરોપી તેમની દુકાન આગળ ગાળો બોલતો હતો. જેથી તેને ગાળો બોલવાની ના પાડતાં સારું નહોતું લાગ્યું અને તેણે ભરતભાઈ તથા તેમના પિતાને ગંદી ગાળો આપી જાનથી મારી નાખવાની ધમકી આપી હતી. આ ઉપરાંત, આરોપીએ ભરતભાઈના પિતાને ગાલ પર ત્રણ લાફા માર્યા હતા તથા તેમને લાકડી વડે મૂંઢ ઈજા પહોંચાડી હતી. અમરેલી રૂરલ પોલીસ સ્ટેશનના એએસઆઈ એમ. ડી. જોષી આ મામલે વધુ તપાસ ચલાવી રહ્યા છે.

પીપળલગ ગામની સીમમાં તાંત્રિક વિધિના નામે છેતરપિંડી

દોઢ મહિનામાં લગ્ન કરાવી આપીશ કહી રૂ. ૫,૦૦૦ પડાવ્યા

તાંત્રિક વિધિનો ડોળ કરી હાથચાલાકીથી ધૂળને જુવારમાં ફેરવી પરત આપી

અમરેલી,તા.૦૬

અમરેલીના પીપળલગ ગામની સીમમાં ભાગે રાખેલી વાડીમાં ખેતી કરતા યુવકને તાંત્રિક વિધિની જાળમાં ફસાવી, લગ્નની લાલચ આપી રોકડા રૂ. ૫,૦૦૦ પડાવી લીધા હોવાનો કિસ્સો પ્રકાશમાં આવ્યો હતો. મોટરસાયકલ પર આવેલા બે ગઠિયાઓએ ધૂળમાંથી જુવાર બનાવવાનો ચમત્કાર બતાવી ખેડૂતને ભ્રમમાં નાખી આ છેતરપિંડી આચરી હતી. આ અંગે લાલજીભાઈ ધીરૂભાઈ રાદડીયા (ઉ. વ. ૪૫)એ જસદણમાં રહેતા જનકનાથ ભગવાનનાથ તથા બાબરાના દિલાનાથ પુનાનાથ સામે ફરિયાદ નોંધાવી હતી. પોલીસમાં જાહેર થયેલી વિગત પ્રમાણે, તેઓ પીપળલગ ગામની સીમમાં પોતાની ભાગે રાખેલી વાડીએ હાજર હતા, તે દરમિયાન બે અજાણ્યા શખ્સો મોટરસાયકલ લઈને વાડીએ આવી પહોંચ્યા હતા. તે પૈકીના એક શખ્સે ખેતરમાં વાવેલી ડુંગળીના પાકનું વિપુલ ઉત્પાદન થશે તેવી વાતો કરી ખેડૂત સાથે વાતચીત શરૂ કરી હતી. વાતોવાતોમાં ખેડૂત હજુ અપરિણીત હોવાનું જાણવા મળતાં, આ શખ્સે દોઢ મહિનામાં તારા લગ્ન કરાવી આપીશ" તેમ કહી ખેડૂતને વિશ્વાસમાં લીધો હતો. ત્યારબાદ તે શખ્સે ખેડૂતને જમીન પરથી હાથમાં ધૂળ લેવા જણાવ્યું હતું. ખેડૂતે ધૂળ આપતાં જ તેણે તાંત્રિક વિધિ જેવો ડોળ કરી હાથચાલાકીથી ધૂળને જુવારમાં ફેરવી તેમને પરત આપી હતી. આ અંધશ્રધ્ધાભરી વિધિ અને સંમોહનથી ખેડૂત પોતાની સૂઝબૂઝ ગુમાવી બેઠા હતા. આ સ્થિતિનો લાભ ઉઠાવી તે શખ્સે પૈસાની માંગણી કરતા ખેડૂતે પોતાના ખિસ્સામાંથી રૂ. ૫,૦૦૦ કાઢી બીજા સાગરીતના હાથમાં આપી દીધા હતા. રૂપિયા પડાવી લીધા બાદ બંને શખ્સો મોટરસાયકલ પર ત્યાંથી ફરાર થઈ ગયા હતા. ભાનમાં આવ્યા બાદ પોતાની સાથે છેતરપિંડી થઈ હોવાનો અહેસાસ થતાં ખેડૂતે બંને શખ્સો સામે એકબીજાની મદદગારીથી ગુનો આચર્યા અંગેની ફરિયાદ નોંધાવી હતી.

આજનું પંચાંગ

વિક્રમ સંવત-૨૦૮૨, તિથિ: ચૌદશ
તા.૦૭-૧૧-૨૦૨૬, શનિવાર, સૂર્યોદય-૦૬:૩૭,
સૂર્યાસ્ત-૦૫:૩૨, જૈન નવકારશી-૮-૧૦,
નક્ષત્ર: ચિત્રા

દૈનિક રાશિફળ

તા.૦૭-૧૧-૨૦૨૬ શનિવાર

મેષ: આજે વેપારના ક્ષેત્રમાં મનને સાનુકૂળ લાભ મળતા આનંદ થશે. પિતા સાથે મળીને તમે વ્યવસાય બદલવા અને નવો વ્યવસાય શરૂ કરવાની યોજના બનાવશો.

વૃષભ: શિક્ષણ અને સ્પર્ધાના ક્ષેત્રમાં વિદ્યાર્થીઓ માટે વિશેષ સિદ્ધિઓ પ્રાપ્ત થઈ રહી છે. બુદ્ધિશાળી ભાષણ દ્વારા વ્યાવસાયિક વિવાદોના સમાધાનમાં સફળ થશો.

મિથુન: બીજાની મદદ કરવામાં તમને આનંદ મળશે, તેથી તમારો દિવસ દાનમાં વિતાવશો. કમ્યુનિકેશન મીડિયાના ઉપયોગ દ્વારા વ્યાવસાયિક સિદ્ધિઓ પ્રાપ્ત થશે.

કર્ક: પિતાના આશીર્વાદ અને ઉચ્ચ અધિકારીઓના આશીર્વાદથી કોઈ કિંમતી ચીજવસ્તુ અથવા સંપત્તિ મેળવવાની ઇચ્છા આજે પૂર્ણ થશે. ભાઇ-બહેન દ્વારા લાભની સ્થિતિ સર્જાશે.

સિંહ: રોજગાર ક્ષેત્રે તમારી ક્ષમતાઓમાં સુધારો કરીને તમને નવી તકો મળશે. તમારો આર્થિક પક્ષ મજબૂત રહેશે અને સંપત્તિ, માન, ખ્યાતિ વધશે.

કન્યા: સામાજિક કાર્ય કરવાથી પ્રતિષ્ઠા વધશે. જીવનસાથીનો સંપૂર્ણ સહયોગ મળશે. બહારના ખોરાક પર નિયંત્રણ રાખો, નહીં તો પેટ સંબંધિત ફરિયાદો થઈ શકે છે.

તુલા: પિતાની સહાયથી આર્થિક પ્રગતિ થશે અને સમાજમાં તમારી નવી ઓળખ ઊભી થશે. ધંધામાં પ્રતિસ્પર્ધાના ક્ષેત્રે આગળ વધશો અને અટકેલા સરકારી કાર્ય પણ મિત્રોની મદદથી પૂર્ણ થશે.

વૃશ્ચિક: પરિવારમાં પ્રેમ અને ઉત્સાહનું વાતાવરણ રહેશે. કૌટુંબિક સંપત્તિ મેળવવાની પ્રબળ સંભાવના છે. અટકેલા પૈસાની પ્રાપ્તીને કારણે ભંડોળ મજબૂત થશે.

ધન: આજનો દિવસ સાધારણ ફળદાયક રહેશે. જીવનસાથીનું સ્વાસ્થ્ય અચાનક બગડતા ભાગદોડ અને ખર્ચ કરવાની સ્થિતિ આવી શકે છે.

મકર: આજે ઘરની વસ્તુઓ પર પૈસા ખર્ચ થઈ શકે છે. વિદ્યાર્થીઓને શિક્ષણ ક્ષેત્રે નવી તકો મળશે. સાંસારિક આનંદ માણવાના માધ્યમોમાં વધારો થશે.

કુંભ: પરિવાર સાથે નજીકમાં અને દૂર સુધીની સકારાત્મક યાત્રા પણ થઈ શકે છે. પારિવારિક બિઝનેસમાં વધતી પ્રગતિથી ખુબ ખુશી થશે.

મીન: સંતાનો સાથે સારો સમય પસાર કરશે. બપોર સુધીમાં ખુશખબર પણ મળશે. તમારા અને તમારા પરિવારના સ્વાસ્થ્યનું ધ્યાન રાખો.

સા.કુંડલા કન્યા શાળા નં. ૨ ખાતે શિક્ષિકાનો નિવૃત્તિ સન્માન સમારોહ યોજાયો, શાળા પરિવારે સન્માન કર્યું

સાવરકુંડલા,તા.૦૫



સાવરકુંડલા શહેરના મણીભાઈ ચોક પાસે આવેલી સરકારી પ્રાથમિક કન્યા શાળા નં. ૨ ખાતે ૧૭-૧૦-૨૦૨૬ના રોજ ૩૩ વર્ષ સુધી શિક્ષણ સેવા આપનાર શિક્ષિકા દિવ્યકલાબેન દાનજીભાઈ બારૈયાનો નિવૃત્તિ સન્માન સમારોહ યોજાયો હતો. આચાર્યા ભારતીબેન રાઠોડના અધ્યક્ષસ્થાને યોજાયેલા કાર્યક્રમમાં ટી.પી.ઓ. સરવૈયા, બી.આર.સી. તુષારભાઈ જાની સહિતના મહાનુભાવો ઉપસ્થિત રહ્યા હતા. શાળા પરિવાર દ્વારા શાલ, શ્રીફળ, પુષ્પગુચ્છ અને સન્માનપત્ર આપી સન્માન કરાયું હતું. દિવ્યકલાબેનના પિતાએ શાળાને રૂ. ૧૮ હજારનો ચેક અર્પણ કર્યો હતો. દીકરીઓને ભોજન તથા બ્લૂટૂથની ભેટ આપવામાં આવી હતી.

અમરેલીમાં થયેલા જીવલેણ હુમલાના ગુનામાં નાસતો ફરતો આરોપીને પોલીસે ઝડપી પાડ્યો



અમરેલી,તા.૦૬

અમરેલીમાં તા. ૨૨/૧૦/૨૦૨૬થી નોંધાયેલા ગુનામાં ફરીયાદીને પાઇપ અને છરી વડે માથામાં ઈજા કરવામાં આવી હતી. સાહેદ અને ફરીયાદીની ભાણેજને પણ ઈંટના ઘા માર્યા હતા. ધરપકડ ટાળવા નાસતા ફરતા આરોપી જય ઉર્ફે કાળુ કિશોરભાઈ તલસાણીયા, રહે. રોકડીયાપરા, અમરેલીને શોધી કાઢી ગુનામાં વપરાયેલ હથિયાર કબજે કરી ધોરણસર કાર્યવાહી કરવામાં આવી છે.

અવસાન નોંધ

સાવરકુંડલા

હસમુખભાઈ બાલકૃષ્ણભાઈ ગણાત્રા(ઉં.વ.૫૦)તે રોહિતભાઈ બાલકૃષ્ણભાઈ ગણાત્રાના ભાઈ, કૃપેષ રોહિતભાઈ ગણાત્રાના કાકા, શૈલેષકુમાર ધીરજલાલ વિઠલાણીના સાળા, કુશ હસમુખભાઈ ગણાત્રા, અનવેશા હસમુખભાઈ ગણાત્રાના પિતાશ્રીનું તા.૩/૧૧/૨૬ને મંગળવારના રોજ દુઃખદ અવસાન થયેલ છે. સદ્ગતનું બેસણું તા.૭/૧૧/૨૬ને શનિવારના રોજ સાંજે ૪:૦૦ થી ૭:૦૦ કલાકે લુહાણા બોર્ડિંગ સાવરકુંડલા ખાતે રાખેલ છે.

અમરેલીમાંથી ૫ જુગારી રૂ. ૧૨,૬૯૦ સાથે ઝડપાયા

અમરેલી,તા.૦૬

અમરેલીમાંથી પાંચ જુગારી રૂ. ૧૨,૬૯૦ સાથે ઝડપાયા હતા. ધર્મેશભાઈ જયંતીભાઈ બુધેલીયા, હસુભાઈ પુનાભાઈ સોલંકી, મહેશભાઈ હિમંતભાઈ ગોંડલીયા, મહેશદાસ વલ્લભદાસ દાણીધારીયા તથા રાજુભાઈ ગોકળભાઈ મુંધવા જાહેરમાં ગંજીપત્તાનાં પાના વડે પૈસાની હારજીતનો તીનપત્તીનો જુગાર રમતા રોકડ રકમ રૂ. ૧૨,૬૯૦ સાથે ઝડપાયા હતા.

ખાંભાના ડેડાણ ગામે 'ગાળો કેમ આપે છે?' તેમ કહેતાં યુવકને ઢીકાપાટુનો માર માર્યો

ગંભીર ઈજા પહોંચાડી જાનથી મારી નાખવાની ધમકી આપી

ખાંભા,તા.૦૬


ખાંભાના ડેડાણ ગામે "ગાળો કેમ આપે છે?" તેમ કહેતાં એક યુવકને ઢીકાપાટુનો માર મારવામાં આવ્યો હતો. ઉપરાંત ગંભીર ઈજા પહોંચાડી જાનથી મારી નાખવાની ધમકી પણ આપી હતી. આ અંગે જયસુખભાઈ વશરામભાઈ મકવાણા (ઉં.વ.૩૭)એ હિંમતભાઈ ખીમજીભાઈ મકવાણા સામે ફરિયાદ નોંધાવી હતી. ફરિયાદ મુજબ, તેમણે ભાગવી રાખેલી વાડીએ દડિયા રાખીને માંડવી કઢાવતા હતા અને તેની બાજુમાં આવેલી તેમની માલિકીની વાડીએ તેમના માતા-પિતા કપાસ વીણતા હતા. તે સમયે તેમની વાડી તરફથી જોરજોરથી અવાજ આવતો હોવાથી તેઓ ત્યાં ગયા હતા. ત્યાં આરોપી તેમના માતા-પિતાને ગાળો આપતો હતો. જેથી તેમણે "ગાળો કેમ આપે છે?" તેમ કહેતાં જ આરોપી વધુ ગાળો દેવા લાગ્યો હતો. તેમણે ગાળો દેવાની ના પાડતાં ઉશ્કેરાઈને આરોપીએ શરીરે આડેધડ ઢીકાપાટુ વડે મૂંઢ માર માર્યો હતો અને ત્યાં પડેલા લોખંડના પાઇપ વડે જમણી આંખની ઉપર કપાળના ભાગે એક ઘા મારી ફ્રેક્ચર જેવી ગંભીર ઈજા પહોંચાડી હતી. તેમજ જાનથી મારી નાખવાની ધમકી આપી હતી. આ અંગે ખાંભા પોલીસ સ્ટેશનના એએસઆઈ આર. જે. રાઠોડ વધુ તપાસ ચલાવી રહ્યા છે.

તંત્રી લેખ

ટ્રમ્પની પાર્ટીની હાર: અમેરિકી લોકશાહીનો સ્પષ્ટ સંદેશ

અમેરિકાની ૨૦૨૬ની મધ્યમ-કાલીન ચૂંટણીએ ડોનાલ્ડ ટ્રમ્પ અને તેમની રિપબ્લિકન પાર્ટી માટે એક ગંભીર રાજકીય પડાવ સાબિત થયો છે. ડેમોક્રેટ પાર્ટીએ હાઉસ ઓફ રિપ્રેઝન્ટેટિવ્ઝ અને સેનેટ બંનેમાં બહુમતી મેળવી લીધી છે. આ પરિણામ ફક્ત એક ચૂંટણીની હાર નથી; તે અમેરિકી મતદારોનો સ્પષ્ટ રાજકીય સંદેશ છે કે સત્તા કોઈ એક વ્યક્તિની ઈચ્છા કરતાં જનતાની ચિંતાઓને વધુ મહત્વ આપે છે. અમેરિકાની જનતામાં સરકારની નીતિ સામે લોકોનો આક્રોશ આ ચૂંટણીમાં વ્યક્ત થયો છે બે વર્ષની કામગીરી સામેના પરિણામ સ્વરૂપ પ્રમુખની લોકપ્રિયતા સાવ ઘટી ગઈ. બીજી બાજુ દેશ-વિદેશમાં તેઓની છાપ દિવસેને દિવસે વધુને વધુ બગડતી ગઈ. પરિણામ લોકોએ તેમને બોધપાઠ આપી દીધો. આ હારનું સૌથી મોટું કારણ અર્થતંત્ર અને મોંઘવારી રહ્યું. ટ્રમ્પે સત્તા પર આવ્યા બાદ મોંઘવારી નિયંત્રણમાં લાવવાનું વચન આપ્યું હતું, પરંતુ મતદારોને લાગ્યું કે રહેવાનો, ભોજનનો, બળતણનો અને આરોગ્યનો ખર્ચ ઘટ્યો નથી. ઊલટાનું, મોંઘવારી વધુ તીવ્ર બની. એસોસિએટેડ પ્રેસના મતદાર સર્વેક્ષણ મુજબ, મોંઘવારી નિયંત્રિત કરવાના વચનને પૂર્ણ કરવામાં નિષ્ફળતા રિપબ્લિકન ઉમેદવારો સામે ભારે પડી. ટ્રમ્પની ટેરિફ નીતિએ પણ હારમાં મહત્વનો ફાળો આપ્યો. આયાત પર ભારે ટેરિફ લાદવાથી અમેરિકન ઉત્પાદકોને રક્ષણ મળશે અને રોજગારી વધશે તેવો દાવો કરાયો હતો, પરંતુ વ્યવહારમાં ઘણા ગ્રાહકો અને નાના વ્યવસાયોએ વધેલી કિંમતોનો બોજ અનુભવ્યો. ખાસ કરીને ડીઝલ કિંમત અને આયાત આધારિત સામગ્રીના ભાવે ખેડૂતો, ટ્રાન્સપોર્ટ સેક્ટર અને ઉત્પાદન ક્ષેત્રને અસર કરી. કાન્સાસ અને આયોવા જેવા રાજ્યોમાં રિપબ્લિકન ઉમેદવારોની હાર દર્શાવે છે કે ટેરિફ યુધ્ધની અસર ફક્ત વિદેશી દેશો પર નહીં, પણ અમેરિકન ઘરો પર પણ પડી હતી. બીજું કારણ હતું ટ્રમ્પની આક્રમક અને વિવાદાસ્પદ વિદેશનીતિ. ઈરાન સામેના સંઘર્ષ અને તેના પરિણામે ઊભી થયેલી ચિંતાએ ઘણા મતદારોને અસ્વસ્થ કર્યા. જ્યારે દેશમાં આર્થિક તંગી હોય ત્યારે લોકો વિદેશી સંઘર્ષ કરતાં રોટલી, બળતણ અને રોજગારીના મુદ્દાને વધુ ગંભીરતાથી જુએ છે. ટ્રમ્પે ઈરાન અંગેની નીતિનો બચાવ કર્યો, પરંતુ ચૂંટણી પરિણામ દર્શાવે છે કે જનતા તેને સમજી શકી નહીં. રિપબ્લિકન પાર્ટીની આંતરિક સ્થિતિ પણ નબળી હતી. ટ્રમ્પે ઘણા સ્થાનોએ પોતાના મનપસંદ ઉમેદવારોને આગળ ધર્યા અને પ્રચારમાં સક્રિય રહ્યા. પરંતુ ઘણા મતદારોએ આને પાર્ટીના લોકશાહી ચરિત્ર પર પ્રશ્ન તરીકે જોયું. હાર બાદ પાર્ટીના ઘણા નેતાઓ અને વ્યૂહકારોએ સ્પષ્ટ કહ્યું કે વ્હાઈટ હાઉસમાં લોકોમાં ફેરફાર, શિસ્ત અને નીતિમાં સુધારો જરૂરી છે. આ સૂચન દર્શાવે છે કે ટ્રમ્પની રાજકીય શૈલી હવે પોતાના જ પક્ષમાં પણ પ્રશ્નાર્થ બની છે. એ પણ ધ્યાનમાં રાખવું જોઈએ કે ટ્રમ્પની હારનો અર્થ તેમના રાજકીય પ્રભાવનો અંત નથી. તેઓ ૨૦૨૮ની રાષ્ટ્રપતિ ચૂંટણીના ચર્ચાવિષય બની શકે છે અને વિદેશનીતિમાં તેમની અસર ચાલુ રહેશે. તેથી ભારતે આ પરિણામને કાયમી બદલાવ નહીં, પરંતુ નવી વાટાઘાટ પરિસ્થિતિ તરીકે જોવો જોઈએ. ભારતનું હિત એ છે કે અમેરિકા સાથે મૈત્રી જાળવવી, પરંતુ તેની આંતરિક રાજકીય લડાઈના આધારે પોતાની નીતિ ન બદલવી. મોંઘવારી, ટેરિફ, વિદેશી સંઘર્ષ અને પાર્ટીની આંતરિક અસંતુષ્ટિ આ પરાજયના મુખ્ય કારણો છે. ભારત માટે તક એ છે કે વ્યાપાર અને ટેક્નોલોજી ક્ષેત્રે દબાણ ઘટી શકે; જોખમ એ છે કે અમેરિકી નીતિ વધુ અનિશ્ચિત બનશે. ભારતે ધીરજ, સંતુલન અને બહુપક્ષીય વ્યૂહરચના સાથે આ નવા તબક્કાનો સામનો કરવો જોઈએ.

કાળી ચૌદસ એટલે અંધકારની રાત્રિએ ઉજાસના આગમની અનુભૂતિ



ભારતીય સંસ્કૃતિમાં કાળી ચૌદસનું વિશેષ સ્થાન છે, કારણ કે તે અંધકાર પર પ્રકાશના વિજયનું પ્રતીક છે. આ દિવસે માત્ર ઉત્સવનો ઉમંગ નથી હોતી, પરંતુ એક ઊંડી આધ્યાત્મિક સાધનાનો ભાવ પણ સમાયેલો છે. જ્યારે આપણે કાળી ચૌદસના મહત્વને સમજવાનો પ્રયાસ કરીએ છીએ, ત્યારે એ સ્પષ્ટ થાય છે કે આ દિવસ દુષ્ટ શક્તિઓ સામે જીતનો ઉત્સવ છે, જે મનુષ્યને તેના અંતરના અંધકારને દૂર કરવાનો સંદેશ આપે છે.

કાળી ચૌદસની સૌથી પ્રચલિત કથા નરકાસુર નામના રાક્ષસના વધ સાથે જોડાયેલી છે. પૌરાણિક માન્યતા અનુસાર, નરકાસુર પૃથ્વી માતાનો પુત્ર હતો, જેણે વરદાન મેળવ્યું હતું કે તેનો વધ માત્ર તેની માતા દ્વારા જ થઈ શકે. શક્તિના મદમાં આવીને તેણે ત્રણેય લોકોમાં અત્યાચાર શરૂ કર્યો અને ૧૬,૦૦૦ કન્યાઓને કેદ કરી . દેવતાઓ ભગવાન વિષ્ણુ પાસે મદદ માટે ગયા, અને વિષ્ણુએ કૃષ્ણના રૂપમાં અવતાર લીધો. ભગવાન કૃષ્ણએ તેમની પત્ની સત્યભામા સાથે મળીને નરકાસુર સામે યુધ્ધ કર્યું અને ચતુર્દશી તિથિએ તેનો વધ કર્યો . આ ઘટના સદ્ગુણની દુષ્ટતા પરની જીતનું પ્રતીક છે. કથા અનુસાર, નરકાસુરના વધ પછી ભગવાન કૃષ્ણએ તેમના શરીરે લાગેલા રક્તને સાફ કરવા માટે તેલ અને ઉબટન લગાવીને સ્નાન કર્યું હતું, તેથી જ આ દિવસે અભ્યંગ સ્નાનની પરંપરા છે . આ કથા આપણને યાદ કરાવે છે કે દરેક યુગમાં અધર્મનો નાશ થાય છે અને ધર્મની સ્થાપના થાય છે, પરંતુ એ પણ સૂચવે છે કે શારીરિક શુદ્ધિ સાથે આંતરિક શુદ્ધિ પણ જરૂરી છે.

કાળી ચૌદસનું નામ જ સૂચવે છે કે આ દિવસ માતા કાલીને સમર્પિત છે. 'કાળી' શબ્દનો અર્થ અનંત અંધકાર થાય છે, અને 'ચૌદસ' એટલે ચતુર્દશી તિથિ. ભારતના અનેક ભાગોમાં, ખાસ કરીને બંગાળમાં, આ દિવસે મહાકાલીની વિશેષ પૂજા કરવામાં આવે છે. માન્યતા છે કે આ દિવસે માતા કાલીએ નરકાસુરનો વધ કર્યો હતો, તેથી જ તેમની આરાધના દુષ્ટ શક્તિઓના નાશ માટે કરવામાં આવે છે. કાળી ચૌદસને મેલી વિદ્યાના સાધકો માટે પણ એક વિશેષ દિવસ માનવામાં આવે છે. તેઓ માને છે કે આ રાત્રિએ સ્મશાનમાં સાધના કરવાથી તેમની વિદ્યા સિદ્ધ થાય છે . જોકે, સામાન્ય ભક્તો માટે આ દિવસ ભયનો નહીં, પરંતુ શ્રધ્ધાનો છે. માતા કાલીની પૂજા એ શક્તિની સ્વીકૃતિ છે, જે આપણને જીવનના સંઘર્ષોનો સામનો કરવાની હિંમત આપે છે. આ ઉપાસનાનો સાર એ છે કે અંધકારથી ડરવું નહીં, પરંતુ તેને શક્તિમાં પરિવર્તિત કરવું.

કાળી ચૌદસની સાંજે યમરાજના નામે દીપ પ્રગટાવવાની પરંપરા છે, જેને યમ દીપ કહેવામાં આવે છે. ધાર્મિક માન્યતા અનુસાર, દક્ષિણ દિશામાં મુખ કરીને યમનો દીપ પ્રગટાવવાથી અકાળ મૃત્યુનો ભય દૂર થાય છે અને પરિવારના સભ્યોને દીર્ઘાયુષ્યનું વરદાન મળે છે. આ પરંપરા પાછળ એક ઊંડો ભાવ છે. મૃત્યુ એ જીવનનું અટલ સત્ય છે, પરંતુ

પ્રાસંગિક
સુરેશ દેસાઈ

તેનાથી ડરવાને બદલે આપણે તેને સ્વીકારીને સત્કર્મ કરવા જોઈએ. સ્કંદપુરાણમાં પણ આ તિથિએ યમરાજ માટે દીપદાનનું મહત્વ વર્ણવવામાં આવ્યું છે. આ ઉપરાંત, કેટલાક પરિવારોમાં પિતૃઓને ભોજન અર્પણ કરવાની પરંપરા પણ છે, જે દર્શાવે છે કે કાળી ચૌદસ મૃત્યુ અને પૂર્વજો સાથેના સંબંધને યાદ કરાવતો દિવસ છે . આ બધું મળીને એ સંદેશ આપે છે કે જીવન અને મૃત્યુ એકબીજાના વિરોધી નથી, પરંતુ એક જ ચક્રના બે ભાગ છે.

ગુજરાત અને મહારાષ્ટ્ર સહિત દેશના ઘણા ભાગોમાં કાળી ચૌદસના દિવસે હનુમાનજીની વિશેષ પૂજા કરવામાં આવે છે. માન્યતા છે કે આ રાત્રિએ ભૂત-પ્રેત, જાદુ-ટોણા જેવી નકારાત્મક શક્તિઓ વધુ સક્રિય હોય છે, અને હનુમાનજી અષ્ટસિદ્ધિ અને નવનિધિના દાતા તથા ભૂત-પ્રેતના નાશક માનવામાં આવે છે. આથી જ આ દિવસે હનુમાન ચાલીસાનો પાઠ કરવામાં આવે છે, 'ૐ હનુમતે નમઃ' મંત્રનો જાપ કરવામાં આવે છે અને બજરંગબલીને સિંદૂર, તેલ અને ચોળા અર્પણ કરવામાં આવે છે. એક કથા અનુસાર, ભગવાન રામે હનુમાનજીની ભક્તિથી પ્રસન્ન થઈને વરદાન આપ્યું હતું કે જ્યાં પણ તેમની પૂજા થશે, ત્યાં પહેલા હનુમાનજીની પૂજા થશે. તેથી જ દિવાળી પહેલા હનુમાનજીની પૂજા કરવામાં આવે છે. આ પૂજા માત્ર ભયથી રક્ષણ માટે નથી, પરંતુ આંતરિક શક્તિ અને સાહસના જાગરણ માટે પણ છે. હનુમાનજી એ ભક્તિ, સેવા અને નિઃસ્વાર્થ સમર્પણના પ્રતીક છે, અને તેમની આરાધના આપણને જીવનમાં ધૈર્ય અને નિષ્ઠા સાથે આગળ વધવાની પ્રેરણા આપે છે.

કાળી ચૌદસના દિવસે અભ્યંગ સ્નાનનું વિશેષ મહત્વ છે. અભ્યંગ એટલે તેલ અને ઉબટનથી શરીરની માલિશ કરીને સ્નાન કરવું. માન્યતા છે કે આ દિવસે સૂર્યોદય પહેલાં જાગીને અભ્યંગ સ્નાન કરવાથી બીમારીઓ દૂર થાય છે અને આયુષ્ય વધે છે. આ પરંપરા નરકાસુર વધ પછી ભગવાન કૃષ્ણના સ્નાન સાથે જોડાયેલી છે, પરંતુ તેનું વૈજ્ઞાનિક કારણ પણ છે. કાર્તિક માસમાં ઋતુ પરિવર્તન થાય છે, અને તેલ-ઉબટન શરીરને ઠંડીથી બચાવે છે અને ત્વચાને સ્વસ્થ રાખે છે. આ ઉપરાંત, ઘરની સફાઈ, રંગોળી અને દીપ પ્રગટાવવાની પરંપરા પણ છે. ગુજરાતમાં ખાસ કરીને ખીર અને વડા બનાવવાનો રિવાજ છે, અને એવું માનવામાં આવે છે કે જેટલું તેલ બળે, તેટલો કકળાટ ટળે . આ બધી વિધિઓ મળીને કાળી ચૌદસને એક એવા દિવસમાં પરિવર્તિત કરે છે જ્યાં શારીરિક શુદ્ધિ, માનસિક શાંતિ અને આધ્યાત્મિક જાગરણ એકસાથે થાય છે.

આજના સમયમાં કાળી ચૌદસનું સ્વરૂપ ભલે બદલાયું હોય, પરંતુ તેનો આત્મા અકબંધ છે. આ દિવસ આપણને યાદ કરાવે છે કે અંધકાર એ માત્ર બહારની દુનિયામાં નથી હોતો, પરંતુ આપણા મનમાં પણ હોય છે. અજ્ઞાન, ભય, લોભ અને અહંકારના રૂપમાં. કાળી ચૌદસ એ આ અંધકારને ઓળખીને તેના પર વિજય મેળવવાનો ઉત્સવ છે. માતા કાલીની પૂજા આપણને શક્તિ આપે છે, હનુમાનજીની આરાધના રક્ષણ આપે છે, યમ દીપ મૃત્યુના ભયને દૂર કરે છે અને અભ્યંગ સ્નાન શરીરને શુધ્ધ કરે છે. આ બધું મળીને એક સંપૂર્ણ સાધના બની જાય છે, જે આપણને જીવનના દરેક પડકારનો સામનો કરવા સક્ષમ બનાવે છે. ભારતીય સંસ્કૃતિમાં કાળી ચૌદસ એ વાતનું પ્રતીક છે કે અંધકાર જ્યાં સૌથી ઘાટો હોય છે, ત્યાં જ પ્રકાશની શોધ થાય છે. અને એ જ પ્રકાશ આપણને આગળ વધવાનો માર્ગ દેખાડે છે.

કાળી ચૌદસનું નામ સાંભળતાં જ મનમાં એક ભયભીત પરંતુ રહસ્યમય ચિત્ર ઉપસી આવે છે. કાળી ચૌદસ એ દિવાળીના પાંચ દિવસીય મહાપર્વનો બીજો દિવસ છે, જે આસો માસના કૃષ્ણ પક્ષની ચતુર્દશી તિથિએ ઉજવવામાં આવે છે . આ દિવસને નરક ચતુર્દશી, રૂપ ચૌદસ અને છોટી દિવાળી જેવા અનેક નામોથી પણ ઓળખવામાં આવે છે.


સૌરાષ્ટ્ર માર્કેટિંગયાર્ડ

રાજકોટ		
કપાસ બી.ટી.	૧૭૫૦	૧૮૯૦
જુવાર સફેદ	૧૧૧૧	૧૮૦૫
જુવાર પીળી	૬૦૦	૬૭૫
તુવેર	૧૨૬૧	૧૯૦૦
ચણા પીળા	૧૩૮૦	૧૪૭૫
ચણા સફેદ	૧૬૬૫	૨૦૩૦
અડદ	૧૪૫૦	૧૯૭૦
મગ	૧૩૨૧	૧૬૯૦
વાલ દેશી	૪૦૦	૧૪૦૦
વટાણા	૫૫૦	૯૧૨
રાજમા	૫૦૦	૧૪૦૦
તલી	૨૪૦૦	૩૪૦૦
એરંડા	૧૦૧૮	૧૫૧૮
કાળા તલ	૨૯૦૦	૩૬૨૦
લસણ	૧૧૭૧	૨૬૦૦
ધાણા	૧૮૨૦	૩૦૦૦
મરચા સુકા	૩૦૦૦	૫૫૦૦
જીરૂ	૪૬૩૦	૫૨૫૦
રાય	૧૪૦૦	૧૮૯૬
મેથી	૧૨૦૦	૧૬૫૦
ક્લોંજી	૫૦૦૦	૫૩૦૦
રજકાનું બી	૩૬૦૦	૮૨૫૦
ગુવારનું બી	૧૪૦૦	૧૬૫૦
રાજકોટ (શાકભાજી)		
લીંબુ	૯૨૧	૧૮૯૩
પપૈયા	૧૫૩	૩૫૨
બટેટા	૧૩૬	૩૬૨
ડુંગળી સુકી	૨૨૫	૭૩૧
ટમેટા	૨૧૩	૪૯૭
સુરણ	૪૧૬	૬૦૩
કોથમરી	૬૨૧	૧૫૭૬
મૂળા	૪૦૮	૬૧૧
રીંગણા	૧૧૧	૨૯૨
કોબીજ	૨૦	૮૨
ફ્લાવર	૩૭૫	૫૮૨
ભીંડો	૬૧૪	૮૨૦
ગુવાર	૬૨૧	૯૮૯
ચોળાસીંગ	૭૫૭	૧૧૮૮
વાલોળ	૪૨૭	૭૯૦
ટીંડોળા	૧૦૫	૪૯૭
દુધી	૧૦૯	૧૮૨
કારેલા	૨૧૪	૩૬૦
સરગવો	૪૩૧	૮૪૨
તુરીયા	૭૭૯	૯૭૮
પરવર	૮૦૧	૯૮૨
કાકડી	૫૨૬	૮૦૨
ગાજર	૪૧૧	૬૦૩
વટાણા	૨૫૨૨	૩૨૩૮
તુવેરસીંગ	૮૧૩	૧૦૨૨
ગલકા	૩૧૨	૫૨૧
બીટ	૨૬૮	૪૮૮
મેથી	૪૨૨	૬૧૫
વાલ	૬૧૭	૯૭૬
ડુંગળી લીલી	૨૫૭	૪૧૨
આદુ	૧૪૨૭	૩૧૮૯
મરચા લીલા	૩૧૬	૬૧૩
હળદર લીલી	૪૨૬	૮૧૭
લસણ લીલું	૨૦૩૧	૩૦૮૧
મકાઇ લીલી	૧૫૩	૩૧૦
ગોંડલ (શાકભાજી)		
ટમેટા	૨૦૦	૪૦૦
મરચા	૨૦૦	૮૦૦
ગુવાર	૩૦૦	૧૦૦૦
કોબી	૬૦	૧૨૦
દુધી	૧૦૦	૨૪૦
ફ્લાવર	૧૬૦	૩૦૦
કાકડી	૪૦૦	૮૦૦
રીંગણા	૧૦૦	૨૦૦
ભીંડો	૫૦૦	૮૦૦
ગલકા	૩૦૦	૬૦૦
ગાજર	૬૦૦	૮૦૦
ટિંડોરા	૨૦૦	૩૦૦
તુવેર	૫૦૦	૮૦૦
વાલ	૮૦૦	૧૦૦૦
વટાણા	૨૨૦૦	૨૬૦૦
શક્કરીયા	૨૪૦	૭૦૦
કેરી કાચી	૨૪૦૦	૩૦૦૦
બટેટા	૧૫૦	૨૮૦
લીલી હળદર	૩૦૦	૬૦૦
ડુંગળી પુરા	૧૦	૧૫
તાંદરીયા પુરા	૫	૧૦
કોથમીર પુરા	૧૦	૧૫
મૂળા પુરા	૫	૧૦
ફોદીનો પુરા	૬	૧૦
કાચા કેળા	૨૦૦	૨૪૦
ચૂણ	૬૦૦	૮૦૦
અળવીના પાન	૮	૧૦
પરવર	૬૦૦	૮૦૦
નાળેયર	૬૦૦	૬૪૦
ઘીસોડા	૫૦૦	૧૦૦૦
લીંબુ	૮૦૦	૧૬૦૦
મેથી પુરા	૩	૧૦
બીટ પુરા	૧૦	૧૫
સરગવો પુરા	૧૫	૨૦
ચોરા	૫૦૦	૧૦૦૦
કારેલા	૨૦૦	૨૪૦
વાલોર	૩૦૦	૧૦૦૦
કાચા પપૈયા	૧૦૦	૨૦૦
આદુ	૧૨૦૦	૧૪૦૦
મકાઇ ડોડા	૨૦૦	૪૦૦
લસણ પુરા	૨૦	૩૦
પાલક પુરા	૩	૭
અમરેલી (શાકભાજી)		
બટેટા	૧૩૦	૨૮૦
રીંગણા	૧૦૦	૪૦૦
ફ્લાવર	૨૦૦	૩૨૦
કોબીજ	૧૧૦	૧૭૦
શક્કરીયા	૪૫૦	૫૩૦
ટમેટા	૩૦૦	૫૦૦
સુરણ	૯૫૦	૧૦૫૦
ગાજર	૫૨૦	૫૯૦
દુધી	૨૦૦	૨૫૦
કારેલા	૪૫૦	૫૨૦
ગલકા	૪૨૦	૫૩૦
મૂળા	૧૮૦	૩૦૦
કાકડી	૫૦૦	૮૧૦
ગુવાર	૬૧૦	૧૧૩૦
વટાણા	૨૮૫૦	૨૯૫૦
તુરીયા	૬૫૦	૭૩૦
ભીંડો	૬૦૦	૭૧૦
હળદર લીલી	૭૧૦	૮૫૦
આદુ	૧૩૦૦	૧૪૫૦
કોથમીર	૪૦૦	૧૬૦૦
મેથીભાજી	૪૫૦	૫૫૦
ફોદીનો	૮૫૦	૯૫૦
ટીંડોરા	૩૦૦	૪૦૦
બીટ	૬૨૦	૬૮૦
સરગવો	૧૦૫૦	૧૨૫૦
લીમડો મીઠો	૧૮૦	૨૦૦
મરચાં લીલાં	૫૦૦	૮૦૦
ડુંગળી લીલી	૪૦૦	૫૦૦
ડુંગળી સુકી	૩૦૦	૮૬૦
લસણ લીલું	૧૮૦૦	૨૫૦૦
લસણ સુકું	૧૬૦૦	૨૨૫૦
પાલક	૫૦૦	૬૦૦
લીંબુ	૧૦૩૦	૧૩૫૦
ચોળાભડા	૪૫૦	૭૫૦
બગસરા		
કપાસ	૧૭૬૫	૧૮૯૦
ઘઉં લોકવન	૪૭૦	૬૦૦
ઘઉં ટુકડા	૫૨૭	૬૭૫
મગફળી	૯૦૦	૧૪૧૦
ચણા	૯૦૦	૧૪૧૦
લસણ	૮૦૦	૧૩૪૦
રાય	૧૪૦૦	૧૪૦૦
સોયાબીન	૮૫૦	૧૩૯૧
શીંગદાણા	૧૪૪૦	૧૪૪૦
અડદ	૧૭૪૦	૧૭૪૦
તલ સફેદ	૨૦૦૦	૩૦૫૦
તલ કાળા	૨૫૦૦	૪૦૨૦
ચણા છોલે	૧૩૨૦	૧૩૨૦
ધાણા	૨૬૦૦	૨૯૪૦
જામનગર		
બાજરો	૪૦૫	૫૪૦
ઘઉં	૫૮૫	૬૫૦
અડદ	૧૮૨૦	૧૯૮૫
ચોળી	૧૩૦૦	૧૭૪૦
ચણા	૧૪૦૦	૧૪૭૬
ચણા સફેદ	૧૮૨૦	૨૦૪૦
મગફળી જીણી	૧૪૦૦	૧૭૦૦
મગફળી જાડી	૧૩૦૦	૧૬૧૫
મગફળી દ્વ ન.	૧૫૫૦	૨૨૨૦
મગફળી ૯ ન.	૧૭૦૦	૨૪૮૦
તલી	૨૮૦૦	૩૨૦૫
તલ કાળા	૨૮૦૦	૩૭૦૦
લસણ	૮૦૦	૨૫૫૦
કપાસ	૧૭૪૦	૧૯૨૫
જીરૂ	૪૫૦૦	૫૩૨૫
અજમો	૨૫૩૦	૫૪૧૦
અજમા ની ભૂસી	૪૦	૩૫૦૫
મરચા	૧૫૦૦	૬૧૧૫
શીંગદાણા	૧૩૦૦	૧૭૦૦
સોયાબીન	૧૨૨૫	૧૩૪૫
વટાણા	૪૦૦	૮૩૫
લીલીયા મોટા		
કપાસ	૧૮૪૯	૧૮૮૨

શેરબજારમાં જોરદાર તેજી: સેન્સેક્સ ૧,૭૧૮ પોઈન્ટ ઉછળીને ૮૧ હજારને પાર

મુંબઈ,તા.૦૬

વિશ્વના બજારોમાં ઘટાડા વચ્ચે ભારતીય શેરબજારમાં ૬ નવેમ્બરે જોરદાર તેજી જોવા મળી હતી. સેન્સેક્સ ૧,૭૧૮ પોઈન્ટ એટલે કે ૨.૧૭ ટકા વધીને ૮૧,૦૨૮ના સ્તરે બંધ થયો હતો. જ્યારે નિફ્ટી ૪૯૪ પોઈન્ટ એટલે કે ૨.૦૧ ટકા વધીને ૨૫,૦૩૦ પર પહોંચ્યો હતો. આઠ મહિના બાદ સેન્સેક્સ ફરી ૮૦ હજારને પાર થયો છે. બજારમાં તેજીનાં મુખ્ય કારણોમાં વિદેશી રોકાણકારોની ખરીદી, આઈટી ક્ષેત્રમાં મજબૂતી અને દેશની મજબૂત



અર્થવ્યવસ્થાનો સમાવેશ થાય છે. જિયોજિત ઈન્વેસ્ટમેન્ટ્સના ડૉ. વી.કે. વિજયકુમારના મતે સારા પરિણામો, સસ્તું ક્રૂડ ઓઈલ અને એલટીસીજી ટેક્સમાં ફેરફારની સંભાવનાથી વિદેશી રોકાણકારોનો વિશ્વાસ વધ્યો છે. આગામી સમયમાં બેંકિંગ અને ફાઇનાન્શિયલ ક્ષેત્રના લાર્જકેપ શેરોમાં વધુ તેજીની શક્યતા છે. જોકે, ઊંચા સ્તરે સ્થાનિક રોકાણકારો દ્વારા નફાવસૂલી થવાની સંભાવના પણ વ્યક્ત કરાઈ છે.

યુપીઆઈ પેમેન્ટ હંમેશાં મફત નહીં રહે? કેન્દ્ર સરકારે સુપ્રીમ કોર્ટમાં કર્યો ખુલાસો

૩. ૨,૦૦૦થી વધુના કેટલાક વ્યવહારો પર ચાર્જ વસૂલવાના પ્રસ્તાવને સમર્થન

મુંબઈ,તા.૦૬

દેશમાં યુપીઆઈ (UPI) પેમેન્ટ હંમેશાં મફત રહેશે કે કેમ તે અંગે કેન્દ્ર સરકારે સુપ્રીમ કોર્ટમાં મહત્વનો ખુલાસો કર્યો છે. સરકારે પોતાના સોગંદનામામાં જણાવ્યું છે કે વેપારીઓને શૂન્ય MDR (મર્ચન્ટ ડિસ્કાઉન્ટ રેટ)ની કાયમી વ્યવસ્થા ચાલુ રાખવાનું કોઈ સત્તાવાર આશ્વાસન આપવામાં આવ્યું નથી. વકીલ અંજન દત્તા દ્વારા દાખલ કરવામાં આવેલી



જનહિત અરજીના જવાબમાં સરકારે આ સ્પષ્ટતા કરી છે. અરજીમાં MDRની સુધારેલી વ્યવસ્થાને મૌલિક અધિકારોનું ઉલ્લંઘન ગણાવવામાં આવ્યું હતું. જોકે, સરકારે આ દલીલનો વિરોધ કર્યો છે. સરકારના જણાવ્યા મુજબ શૂન્ય MDR માટે આપવામાં આવતી સબસિડી તેના વિવેકાધીન નિર્ણય પર આધારિત હતી. સાથે જ રૂ. ૨,૦૦૦થી વધુના કેટલાક યુપીઆઈ વ્યવહારો પર MDR વસૂલવાના પ્રસ્તાવને પણ સરકારે સમર્થન આપ્યું છે. આ મામલે હવે સુપ્રીમ કોર્ટના નિર્ણય પર નજર રહેશે.

શબ્દ સંજોગ-૨૨૯૪



આડી ચાવી :
(૧) નવા પાનવાળી ડાળી (૫)
(૫) દેશ, પ્રદેશ (૩)
(૭) સ્નેહાળ, માયાળુ (૩)
(૮) દુર્યોધનનો એક મિત્ર (૩)
(૧૧) રસપૂર્ણ, રસવાળુ (૩)
(૧૨) આ મળે તો ઝડપી લો (૨)
(૧૪) એક પક્ષી (૨)
(૧૫) એક જાતનો વેલો (૩)
(૧૯) ગ્રહણ કરવુ તે (૪)
(૨૧) બાળકોની એક રમત (૫)
(૨૪) જંગલની શોભા (૩)
(૨૫) ધોળુ કમળ (૪)
(૨૬) પાણી ભરવાની ચામડાની કોથળી (૩)
(૨૭) કાળજી (૩)

ઉભી ચાવી :
(૧) માખણ (૪)
(૨) બાળક (૨)
(૩) આંખનો પલકારો (૩)
(૪) વચ્ચેની ખાલી જગ્યા (૩)
(૫) નિયત, નક્કી કરેલુ (૪)
(૬) પતંગ (૪)
(૧૦) એક રાશિ (૩)
(૧૩) પાસે, નજીક (૨)
(૧૪) ગણપતિ દાદાને બહુ ભાવે (૩)
(૧૬) ફાટ, તડ, ચીરો (૩)
(૧૭) મુખ, મો (૩)
(૧૮) જીવનસાંથીની પસંદગીમાં આ મુખ્ય છે (૨)
(૧૯) આવડયુ તે, કુશળતા (૪)
(૨૦) ભાગ નહી પણ વળે એવુ (આ-અ) (૪)
(૨૨) કડવાબોલુ (૩)
(૨૩) હકનું માંગણુ (૨)

શબ્દ સંજોગ-૨૨૯૩ જવાબ

આડી ચાવી: (૧) માણારાજ (૪) ચંપો (૭) મશક (૯) લાવરી (૧૧) ગમાણ (૧૩) દલખ(દખલ) (૧૪) સાવજ (૧૬) ઈડર (૧૮) તનય (૧૯) મા (૨૦) બળ (૨૨) નેતર (૨૫) સમય (૨૭) રમ (૨૮) પાદરી (૩૦) રામ (૩૧) સરોદ (૩૨) મલમલ.
ઉભી ચાવી: (૧) માતંગ (૨) રામણ (૩) જશ (૫) વલય (૬) તારીખ (૮) કરવત (૧૦) વલય (૧૨) માતડ (૧૫) જનન (૧૬) ઈજનેર (૧૭) રબર (૨૧) રામરામ (૨૩) તમસ (૨૪) સ્વાદ (૨૬) યમલ (૨૮) પાદ (૨૯) રીમ.

Printed and Published by Vasantbhai Bavabhai Movliya on behalf of Director Sanjog India News Private Limited. Printed at Sanjog Press, Sanjog India News Private Limited keriya gam road opp. hanuman vadi, near bypaas Amreli -365601 and published at Sanjog India News Private Limited keriya gam road opp. hanuman vadi near bypass amreli. Editor Vasantbhai Bavabhai Movliya Resident Editor : N. B. Desai (Responsible for the selection of News Under PRB Act (c). phone : 02792-225225, RNI.No.:GUJ GUJ/2017/75270, Title code : GUJ GUJ 16801

અમરેલી જિલ્લાના વિકાસના કામોની સમીક્ષા બેઠક યોજતા ઉર્જામંત્રી કૌશિક વેકરીયા

રેલવે અંડરપાસ, અમરેલી બાયપાસ, નેશનલ હાઇવે, ડ્રેનેજ અને માર્ગોના પ્રશ્નો અંગે વિસ્તૃત ચર્ચા

અમરેલી,તા.૦૬

અમરેલી જિલ્લા સેવા સદન ખાતે કાયદા અને ઊર્જા રાજ્યમંત્રી કૌશિક વેકરિયાના અધ્યક્ષસ્થાને જિલ્લાના વિવિધ વિકાસલક્ષી અને પ્રજાલક્ષી મહત્વપૂર્ણ પ્રોજેક્ટ્સ અંગે ઉચ્ચસ્તરીય સમીક્ષા બેઠક યોજાઈ હતી. આ બેઠકમાં અમરેલીના સાંસદ ભરત સુતરીયા તથા જિલ્લા કલેક્ટર વિકલ્પ ભારદ્વાજ ખાસ ઉપસ્થિત રહ્યા હતા. બેઠક દરમિયાન જિલ્લામાં ચાલી રહેલા રોડ-રસ્તા, નેશનલ હાઈવે અને રેલવે પ્રોજેક્ટ્સ સહિતની વિવિધ વિકાસલક્ષી કામગીરીની ઝીણવટભરી સમીક્ષા કરવામાં આવી હતી. તેમજ પ્રજાને પડતી મુશ્કેલીઓનો સત્વરે નિકાલ લાવવા ભાર મૂકવામાં આવ્યો હતો.બેઠકમાં અમરેલી જિલ્લાના રેલવે પ્રોજેક્ટ્સ અને તેને સંલગ્ન વિવિધ પ્રશ્નો અંગે વિસ્તૃત ચર્ચા કરવામાં આવી હતી. ખાસ કરીને અમરેલીથી શેડુભાર વચ્ચે આવેલા તમામ અંડરપાસના પ્રશ્નો, અમરેલી શહેરમાં રેલવે લાઈન નજીક આવેલી સોસાયટીઓમાં ચોમાસા દરમિયાન વરસાદી પાણી ભરાવાની સમસ્યા તેમજ લીલીયા રોડ પર થતા દબાણો દૂર કરવા અંગે ચર્ચા થઈ હતી. આ ઉપરાંત અમરેલી રેલવે સ્ટેશન નજીક આવેલા પરશુરામ મંદિર પાસે ડ્રેનેજ વ્યવસ્થાને લગતી સમસ્યાઓ અને તેના કાયમી



ઉકેલ માટે સંબંધિત વિભાગ દ્વારા હાથ ધરવામાં આવતી કામગીરીની પણ સમીક્ષા કરવામાં આવી હતી.

રેલવે પ્રોજેક્ટ્સની સાથે જિલ્લાના માર્ગ પરિવહનને વધુ સુદઢ બનાવવા માટે નેશનલ હાઈવેને લગતા વિવિધ કામોની પણ સમીક્ષા કરવામાં આવી હતી. જેમાં ગાવડકાથી રાધેશ્યામ ચોકડી સુધીના રોડની વર્તમાન સ્થિતિ અને તેની કામગીરી અંગે ચર્ચા કરવામાં આવી હતી. આ ઉપરાંત અમરેલીથી લાઠી રોડ સુધીના માર્ગની પ્રગતિ તેમજ અમરેલી બાયપાસ રોડ પ્રોજેક્ટની કામગીરી અંગે અધિકારીઓ પાસેથી વિગતો મેળવવામાં આવી હતી.રાજ્યમંત્રી કૌશિક વેકરિયાએ તમામ પ્રોજેક્ટ્સની વર્તમાન પ્રગતિનો ચિતાર મેળવીને સંબંધિત વિભાગના અધિકારીઓને જરૂરી માર્ગદર્શન આપ્યું હતું. તેમણે નેશનલ હાઈવે અને રેલવેને લગતાં તમામ વિકાસકામો ઝડપથી અને નિર્ધારિત સમયમર્યાદામાં પૂર્ણ કરવા કડક સૂચનાઓ આપી હતી. પ્રજાને રોજિંદી અવરજવર દરમિયાન પડતી મુશ્કેલીઓનું નિવારણ થાય અને વિકાસકામોનો લાભ નાગરિકોને સમયસર મળે તે દિશામાં કામગીરી કરવા પણ ભાર મૂક્યો હતો.આ સમીક્ષા બેઠકમાં અમરેલીના સ્થાનિક પદાધિકારીઓ અને હોદ્દેદારો ઉપરાંત વહીવટી તંત્રના ઉચ્ચ અધિકારીઓ ઉપસ્થિત રહ્યા હતા. જેમાં નિવાસી અધિક કલેક્ટર ડોડિયા, પ્રાંત અધિકારી જાડેજા, અમરેલી મામલતદાર દવે, માર્ગ અને મકાન વિભાગ (સ્ટેટ)ના કાર્યપાલક ઈજનેર ધોલાવાલા, માર્ગ અને મકાન વિભાગ (પંચાયત)ના અધિકારીઓ, નેશનલ હાઈવે ઓથોરિટી રાજકોટ અને ભાવનગરના વિભાગીય અધિકારીઓ તેમજ અમરેલી નગરપાલિકાના ચીફ ઓફિસર સહિતના અધિકારીઓ હાજર રહ્યા હતા.

ઊનામાં મોડી રાત સુધી લાઉડસ્પીકર વગાડનાર સામે કડક કાર્યવાહીની માંગ

ઉના,તા.૦૬

ઊના શહેરના રહેણાક વિસ્તારોમાં ધાર્મિક કાર્યક્રમો અને વિવિધ પ્રસંગોએ મોડી રાત સુધી લાઉડસ્પીકર તથા સાઉન્ડ સિસ્ટમના ઘોંઘાટથી સ્થાનિકો પરેશાન થઈ રહ્યા છે. આ મામલે ઊના શહેરના પૂર્વ પ્રમુખ ચંદુભાઈ કોટેચાએ તા. ૩૦ ઓક્ટોબર, ૨૦૨૬ના રોજ મુખ્યમંત્રીને લેખિત રજૂઆત કરી હતી. રજૂઆતમાં ગીરગઢડા રોડ પર આવેલા રહિમનગર સહિતના ઘીસાડા વિસ્તારોમાં મોડી રાત સુધી



ફુલ વોલ્યુમમાં માઈક વગાડવામાં આવતા વૃધ્ધો સહિતના નાગરિકોને મુશ્કેલી પડતી હોવાનું જણાવ્યું છે. નિયમોનો ભંગ કરનાર સામે દંડાત્મક કાર્યવાહી કરવાની માંગ કરી છે.

ગીર સોમનાથ જિલ્લા ભાજપ બક્ષીપંચ મોરચાની કારોબારી બેઠક પ્રાચીમાં સંપન્ન

ગીર સોમનાથ,તા.૦૬

ગીર સોમનાથ જિલ્લા ભાજપ બક્ષીપંચ મોરચાની કારોબારી બેઠક પ્રાચી મુકામે મળી હતી. આ બેઠકમાં સંગઠનને મજબૂત બનાવવા તેમજ આગામી કાર્યયોજનાઓ અંગે વિસ્તૃત ચર્ચા કરવામાં આવી હતી. આ કારોબારી બેઠકમાં ગુજરાત પ્રદેશ બક્ષીપંચ મોરચાના પ્રમુખ અને રાજ્યસભાના સાંસદ માનસિંગભા ઈ પરમાર, જિલ્લા પ્રભારી ભરતભાઈ



મેર, જિલ્લા ભાજપ પ્રમુખ ડો. સંજયભાઈ પરમાર અને ધારાસભ્ય ભગવાનભાઈ બારડે માર્ગદર્શન પૂરું પાડ્યું હતું. આ અવસરે બક્ષીપંચ મોરચાના પ્રમુખ ડી.કે. નિમાવતના અધ્યક્ષ સ્થાને કારોબારીમાં જિલ્લા મહામંત્રી અનિલભાઈ જેઠવા, ભરતભાઈ વાળા, ઉપ પ્રમુખ શિલ્પાબેન ખુટડ, હાર્દિકસિંહ ઝાલા, મોરચાના જિલ્લા મહામંત્રી મુકેશભાઈ દેવળિયા, બક્ષીપંચ મોરચાના જિલ્લા મહામંત્રી રસિક ચાવડા, જિલ્લા શિક્ષણ સમિતિના ચેરમેન મસરીભાઈ રાઠોડ, વેરાવળ નગરપાલિકાના પ્રમુખ નરેશભાઈ ગોહિલ અને ઉપપ્રમુખ હેમીબેન જેઠવા વગેરે ઉપસ્થિત રહ્યા હતા. સમગ્ર કાર્યક્રમનું સંચાલન મહામંત્રી રસિક ચાવડાએ કર્યું હતું.

SGFI U-14 કબડ્ડી સ્પર્ધામાં સોમનાથ એકેડેમીની દીકરીઓએ સિલ્વર મેડલ મેળવ્યો

કોડીનાર,તા.૦૬

અમરેલી ખાતે તા. ૧૪/૧૦/૨૦૨૬ના રોજ યોજાયેલી **SGFI U-14** ગર્લ્સ કબડ્ડી સ્પર્ધામાં સોમનાથ એકેડેમી, કોડીનારની દીકરીઓએ ઉત્કૃષ્ટ પ્રદર્શન કરી દ્વિતીય સ્થાન સાથે સિલ્વર મેડલ મેળવ્યો હતો. ૪૭ જેટલી ટીમો વચ્ચે ખેલાડીઓએ મહેનત, શિસ્ત અને ટીમવર્કથી સફળતા મેળવી હતી. આ સિદ્ધિ બદલ ટ્રસ્ટી કરસનભાઈ સોલંકી, ડિરેક્ટર સુમિતભાઈ સોલંકી



સહિત કોચ રીતાબેન ચૌધરી અને ટ્રેનર હેતલબેન સોલંકીએ ખેલાડીઓને અભિનંદન પાઠવ્યા હતા. સમગ્ર શાળા પરિવારમાં ખુશી છવાઈ હતી.

ઉનાના દેલવાડામાં માસિક બે ટકા વળતરની લાલચ આપી રૂ. ૨૦ કરોડનું કથિત કૌભાંડ

ઉના,તા.૦૬

ઉના તાલુકાના દેલવાડા ગામની નિધી ક્રેડિટ કો-ઓપરેટિવ સોસાયટી દ્વારા માસિક ૨ ટકા અને વાર્ષિક ૨૪ ટકા વળતરની લાલચ આપી રોકાણકારો સાથે આશરે રૂ. ૨૦ કરોડની ઠગાઈ આચર્યાનો આરોપ મૂકાયો છે. સંચાલકો નાણાં પરત કર્યા વિના ફરાર થઈ જતાં સમગ્ર



પંથકમાં ભારે રોષ વ્યાપ્યો છે. નવાબંદરના વૈશાલીબેન ફુલબારૈયા સહિત ૧૭થી વધુ રોકાણકારોના કરોડો રૂપિયા ફસાયા છે. સ્ટેમ્પ પેપર પર લખાણ આપવા છતાં સમયમર્યાદામાં નાણાં ન ચૂકવાતાં રોકાણકારોએ મામલતદાર અને પોલીસ સ્ટેશન પર હલ્લાબોલ કર્યો હતો. લોકગાયિકા રાજલ બારોટ અને અલ્પેશ બાંભણિયાની આગેવાની હેઠળ ઉના પ્રાંત અધિકારીને આવેદનપત્ર પાઠવી તાત્કાલિક કાર્યવાહીની માંગ કરાઈ હતી. પોલીસે મહિલા ચેરમેન મનીષા ચંદ્રકાંત પંડ્યા અને મેનેજર દિનેશ જગુભાઈ રાઠોડ સામે ગુનો નોંધી ૧૦૦થી વધુ રોકાણકારોના નિવેદનો તથા બેંક વ્યવહારોના આધારે આગળની તપાસ હાથ ધરી છે.

સુરતમાં ૧૮૪મો 'વિચારોનું વાવેતર' કાર્યક્રમ યોજાયો; શિક્ષણ સફળ બનાવે પણ મૂલ્યો જીવન સાર્થક કરે છે

સુરત,તા.૦૬

સૌરાષ્ટ્ર પટેલ સેવા સમાજ, સુરત દ્વારા ૧૮૪મો 'વિચારોનું વાવેતર' કાર્યક્રમ યોજાયો હતો. મુખ્ય વક્તા કાનજીભાઈ ભાલાળાએ જણાવ્યું કે શિક્ષણ જ્ઞાન અને સફળતા આપે છે, પરંતુ જીવનમૂલ્યો જ જીવનને સાર્થક બનાવી સાચો માણસ ઘડે છે. આ પ્રસંગે ૩ ડિસેમ્બર સુધી દિવાળી વેકેશન જાહેર કરી જીવનની ગુણવત્તા વધારવા 'પંચામૃત' સ્વરૂપે હોમવર્ક અપાયું હતું. વસુંધરા ઈન્ફોટેકના સીઈઓ ચિરાગભાઈ પીપળીયાએ જણાવ્યું કે માનવીના વિચારો જ



પ્રગતિ કે અવરોધ નક્કી કરે છે, જેમાં સરળતા, શિસ્ત, સમયપાલન અને **AI** મહત્વપૂર્ણ છે.

આ કાર્યક્રમમાં નવસારીના પ્રથમ મેયર અશોકભાઈ ધોરાજીયાનું અભિવાદન કરાયું, જેમણે નવા વિચારો અને સંસ્કારોને પ્રગતિની ચાવી ગણાવી હતી. ઉપરાંત મધુભાઈ કથીરિયા અને પૂર્વ ધારાસભ્ય ભીખાભાઈ બાંભણીયાનું પણ સન્માન કરવામાં આવ્યું હતું.

-//મામલતદાર અને એકઝિક્યુટીવ મેજીસ્ટ્રેટ, સાવરકુંડલા//-

રૂબરૂ સુનાવણી નોટીસ

નં.મરણ નોંધણી/અરજી નં.૮૧/૨૦૨૬

અરજદારશ્રી:- વજુભાઈ રામજીભાઈ રામાણી,
રે. વંડા,તા.સાવરકુંડલા, જી.અમરેલી

- //વિરૂધ્ધ//-

સામાવાળા:- ૧. તકમશ્રી વંડા તા.સાવરકુંડલા

જન્મ-મરણ નોંધણી અધિનિયમ-૧૯૬૯ ની કલમ-૧૩(૩) હેઠળની અરજી અન્વયે મરણની નોંધ કરાવવા રૂબરૂ સુનાવણી નોટીસ

આથી તમો પક્ષકારોને આ નોટીસ આપી સુચીત કરવામાં આવે છે કે, અરજદારશ્રીના કાકાશ્રી રવજીભાઈ ગોવિંદભાઈ રામાણીનુ મરણ તા.૦૭/૦૫/૧૯૬૪ ના રોજ મુ.વંડા, તા.સાવરકુંડલા, જી.અમરેલી મુકામે થયેલ. પરંતુ કાયદાની અજ્ઞાનતાના કારણે તેઓના મરણની નોંધ ગ્રામ પંચાયત રેકર્ડ દફતરે કરવાની રહી ગયેલ હોઈ, મરણની નોંધ કરાવવા અત્રેની કોર્ટમાં અરજી કરેલ છે. આ અરજી અન્વયે રૂબરૂ સુનાવણી મુદત તા.૧૭/૧૧/૨૦૨૬ ના રોજ ૧૬:૦૦ કલાકે મામલતદાર અને એકઝીક્યુટીવ મેજીસ્ટ્રેટ સાવરકુંડલાની કચેરી ખાતે રાખવામાં આવેલ છે.

આ કામે અરજદારશ્રી તેઓની અરજીમાં કરેલ રજુઆતના સમર્થનમાં જે કોઈ આધાર-પુરાવા રજુ કરવાના હોય, અરજીમાં જો કુલ બે સાહેદોના સોગંદનામા રજુ કરેલ ના હોય તો તે સાહેદોના સોગંદનામા સાથે સાહેદો સહિત હાજર રહેવુ.

આ કામે સામાવાળા (મરણ નોંધણી રજીસ્ટ્રાર) એ તેઓ હસ્તકના રેકર્ડમાં આ સાથે સામેલ રાખેલ અરજીની વિગત મુજબના ઈસમનો મરણ નોંધાયેલ છે કે કેમ ? તે અંગે જરૂરી પ્રમાણપત્ર તથા અસલ જન્મ-મરણ રજીસ્ટર સાથે હાજર રહેવા જણાવવામાં આવે છે.

વધુમાં આ કામના સામાવાળાને જન્મ નોંધ દફતરે ચડાવી આપવા સામે કોઈને વાંધો હરકત સરખુ હોય તો તેમણે જાતે અગર તેમના મુખત્યાર અથવા વકીલ મારફત અત્રેની કોર્ટમાં ઉકત મુદતે વાંધો તકરાર સાથે હાજર રહેવુ અન્યથા યોગ્ય તે હુકમ કરવામાં આવશે.

આજ તા.૦૪/૧૧/૨૦૨૬ ના રોજ મારી સહી તથા સિક્કો કરીને આપ્યા.

સહી,
મામલતદાર અને એકઝીક્યુટીવ મેજિસ્ટ્રેટ
સાવરકુંડલા

-//મામલતદાર અને એકઝિક્યુટીવ મેજીસ્ટ્રેટ, સાવરકુંડલા//-

રૂબરૂ સુનાવણી નોટીસ

નં.મરણ નોંધણી/અરજી નં.૮૨/૨૦૨૬

અરજદારશ્રી:- વજુભાઈ રામજીભાઈ રામાણી,
રે. વંડા,તા.સાવરકુંડલા, જી.અમરેલી

- //વિરૂધ્ધ//-

સામાવાળા:- ૧. તકમશ્રી વંડા તા.સાવરકુંડલા

જન્મ-મરણ નોંધણી અધિનિયમ-૧૯૬૯ ની કલમ-૧૩(૩) હેઠળની અરજી અન્વયે મરણની નોંધ કરાવવા રૂબરૂ સુનાવણી નોટીસ

આથી તમો પક્ષકારોને આ નોટીસ આપી સુચીત કરવામાં આવે છે કે, અરજદારશ્રીના માતાશ્રી ચંપાબેન રામજીભાઈ રામાણીનુ મરણ તા.૧૫/૧૨/૧૯૮૨ ના રોજ મુ.વંડા, તા.સાવરકુંડલા, જી.અમરેલી મુકામે થયેલ. પરંતુ કાયદાની અજ્ઞાનતાના કારણે તેઓના મરણની નોંધ ગ્રામ પંચાયત રેકર્ડ દફતરે કરવાની રહી ગયેલ હોઈ, મરણની નોંધ કરાવવા અત્રેની કોર્ટમાં અરજી કરેલ છે. આ અરજી અન્વયે રૂબરૂ સુનાવણી મુદત તા.૧૭/૧૧/૨૦૨૬ ના રોજ ૧૬:૦૦ કલાકે મામલતદાર અને એકઝીક્યુટીવ મેજીસ્ટ્રેટ સાવરકુંડલાની કચેરી ખાતે રાખવામાં આવેલ છે.

આ કામે અરજદારશ્રી તેઓની અરજીમાં કરેલ રજુઆતના સમર્થનમાં જે કોઈ આધાર-પુરાવા રજુ કરવાના હોય, અરજીમાં જો કુલ બે સાહેદોના સોગંદનામા રજુ કરેલ ના હોય તો તે સાહેદોના સોગંદનામા સાથે સાહેદો સહિત હાજર રહેવુ.

આ કામે સામાવાળા (મરણ નોંધણી રજીસ્ટ્રાર) એ તેઓ હસ્તકના રેકર્ડમાં આ સાથે સામેલ રાખેલ અરજીની વિગત મુજબના ઈસમનો મરણ નોંધાયેલ છે કે કેમ ? તે અંગે જરૂરી પ્રમાણપત્ર તથા અસલ જન્મ-મરણ રજીસ્ટર સાથે હાજર રહેવા જણાવવામાં આવે છે.

વધુમાં આ કામના સામાવાળાને જન્મ નોંધ દફતરે ચડાવી આપવા સામે કોઈને વાંધો હરકત સરખુ હોય તો તેમણે જાતે અગર તેમના મુખત્યાર અથવા વકીલ મારફત અત્રેની કોર્ટમાં ઉકત મુદતે વાંધો તકરાર સાથે હાજર રહેવુ અન્યથા યોગ્ય તે હુકમ કરવામાં આવશે.

આજ તા.૦૪/૧૧/૨૦૨૬ ના રોજ મારી સહી તથા સિક્કો કરીને આપ્યા.

સહી,
મામલતદાર અને એકઝીક્યુટીવ મેજિસ્ટ્રેટ
સાવરકુંડલા

એડવોકેટ ઉદયન ત્રિવેદીની ધારદાર દલીલોથી બળાત્કારના કેસમાં આરોપીનો નિર્દોષ છુટકારો

અમરેલી,તા.૦૬

લાઠી તાલુકાના ભોગ બનનારે તા.૦૪/૦૫/૨૦૨૨ના રોજ આરોપી વિશાલભાઈ બધાભાઈ ગોહીલ વિરૂધ્ધ ફરીયાદ આપી હતી. ફરીયાદ મુજબ તા.૩૦/૦૪/૨૦૨૨ના રોજ ઘરે એકલા હોવાનો લાભ લઈ આરોપીએ બળજબરીપૂર્વક દુષ્કર્મ આચર્યુ હતુ અને કોઈને વાત કરશો તો જાનથી મારી નાખવાની ધમકી આપી હતી. બહેનને વાત કર્યા બાદ લાઠી પોલીસ સ્ટેશનમાં ભારતીય ફોજદારી ધારાની કલમો મુજબ ફરીયાદ નોંધાઈ હતી. પોલીસે સઘન તપાસ કરી ચાર્જશીટ કર્યુ હતુ. કેસ



દરમિયાન સાહેદો, સારવાર આપનાર ડોકટર, પોલીસ અધિકારી અને તપાસ અધિકારીની તપાસ કરવામાં આવી હતી. આરોપી તરફે સીનીયર એડ. ઉદયન ત્રિવેદી અને યુવા એડ. હરનીલ ત્રિવેદીની ધારદાર દલીલથી કોર્ટે આરોપીને નિર્દોષ ઠરાવી છોડી મુકવાનો હુકમ કર્યો હતો.

શ્રી લેઉવા પટેલ ટ્રસ્ટ સ્કૂલ કોલેજ હોસ્ટેલ અમરેલી
નૂતનવર્ષ સ્નેહમિલન કાર્યક્રમ - નિમંત્રણ

સંકુલનાં પૂર્વ અને વર્તમાન સ્ટાફ–સ્ટુડન્ટ્સ–પેરન્ટ્સ અને શુભેચ્છકશ્રીઓને
નુતન વર્ષનાં સ્નેહમિલનમાં પધારવા હાર્દિક નિમંત્રણ છે.

તારીખઃ– ૧૦/૧૧/૨૦૨૬ મંગળવાર **સમયઃ**– સાંજનાં ૦૪:૩૦ થી ૦૫:૩૦

શ્રી અમરેલી જિલ્લા લેઉવા પટેલ ચેરીટેબલ ટ્રસ્ટ સુરત સંચાલિત
શ્રી લેઉવા પટેલ ટ્રસ્ટ સ્કૂલ કોલેજ હોસ્ટેલ અમરેલી
સ્થળઃ– શ્રીમતી શાંતાબેન હરિભાઈ ગજેરા શૈક્ષણિક સંકુલ(ગર્લ્સ), ચક્કરગઢ રોડ, અમરેલી
-Ad152

CHANGE OF NAME

I Undersign POLARA RASHMIBEN HIMMATBHAI have changed my name from NAKRANI RASHMIBEN PANKAJKUMAR TO POLARA RASHMIBEN HIMMATBHAI (New) Now i will be known as POLARA RASHMIBEN HIMMATBHAI (new)
Sign: POLARA RASHMIBEN HIMMATBHAI
Address:- E-404, Vishwas Icon, Chakkargadh Road, Near Bypass, Amreli, Dist- Amreli, Gujarat - 365601

-//મામલતદાર અને એકઝિક્યુટીવ મેજીસ્ટ્રેટ, સાવરકુંડલા//-

રૂબરૂ સુનાવણી નોટીસ

નં.જન્મ/મરણ નોંધણી/ અરજી નં.૩૭૭/૨૦૨૬ તા.૦૪/૧૧/૨૦૨૬

અરજદારશ્રી:- ૧. ત્રિવેદી સંજયકુમાર દિનેશભાઈ
રહે.ખાલપર તા.સાવરકુંડલા જી.અમરેલી

-//વિરૂધ્ધ//-

સામાવાળા:- ૧. તલાટી કમ મંત્રીશ્રી ખાલપર, તા.સાવરકુંડલા

જન્મ-મરણ નોંધણી અધિનિયમ-૧૯૬૯ ની કલમ-૧૩(૩) હેઠળની અરજી અન્વયે જન્મની નોંધ કરાવવા રૂબરૂ સુનાવણીની નોટીસ

આથી તમો પક્ષકારોને આ નોટીસ આપી સુચીત કરવામાં આવે છે કે, અરજદારશ્રીની પુત્રી બંસી સંજયકુમાર ત્રિવેદીનો જન્મ તા.૧૦/૧૨/૨૦૧૯ ના રોજ મુ.ખાલપર તા. સાવરકુંડલા, જી.અમરેલી મુકામે થયેલ. પરંતુ, કાયદાની અજ્ઞાનતાના કારણે તેઓના જન્મની નોંધ ગ્રામ પંચાયત રેકર્ડ દફતરે કરવાની રહી ગયેલ હોઈ, જન્મની નોંધ કરાવવા અત્રેની કોર્ટમાં અરજી કરેલ છે. આ અરજી અન્વયે રૂબરૂ સુનાવણી મુદત તા.૧૭/૧૧/૨૦૨૬ ના રોજ ૧૬:૦૦ કલાકે મામલતદાર અને એકઝીક્યુટીવ મેજીસ્ટ્રેટ સાવરકુંડલાની કચેરી ખાતે રાખવામાં આવેલ છે.

આ કામે અરજદારશ્રી તેઓની અરજીમાં કરેલ રજુઆતના સમર્થનમાં જે કોઇ આધાર-પુરાવા રજુ કરવાના હોય અરજીમાં જો કુલ બે સાહેદોના સોગંદનામા રજુ કરેલ ના હોય તો તે સાહેદોના સોગંદનામા સાથે સાહેદો સહિત હાજર રહેવું.

આ કામે સામાવાળા (જન્મ નોંધણી રજીસ્ટ્રાર) એ તેઓ હસ્તકના રેકર્ડમાં આ સાથે સામેલ રાખેલ અરજીની વિગત મુજબના ઇસમનો જન્મ નોંધાયેલ છે કે કેમ? તે અંગે જરૂરી પ્રમાણપત્ર તથા અસલ જન્મ-મરણ રજીસ્ટર સાથે હાજર રહેવા જણાવવામાં આવે છે.

વધુમાં આ કામના સામાવાળાને જન્મ નોંધ દફતરે ચડાવી આપવા સામે કોઇને વાંધો હરકત સરખુ હોય તો તેમણે જાતે અગર તેમના મુખત્યાર અથવા વકીલ મારફત અત્રેની કોર્ટમાં ઉકત મુદતે વાંધો તકરાર સાથે હાજર રહેવુ અન્યથા યોગ્ય તે હુકમ કરવામાં આવશે.

સહી.
મામલતદાર અને એકઝીક્યુટીવ મેજિસ્ટ્રેટ,
સાવરકુંડલા

-//મામલતદાર અને એકઝિક્યુટીવ મેજીસ્ટ્રેટ, સાવરકુંડલા//-

રૂબરૂ સુનાવણી નોટીસ

નં.જન્મ/મરણ નોંધણી/ અરજી નં.૪૫૨/૨૦૨૬ તા.૦૪/૧૧/૨૦૨૬

અરજદારશ્રી:- ૧. સવિતાબેન બાલુભાઈ હીરપરા
રહે.નાના ભમોદ્રા તા.સાવરકુંડલા જી.અમરેલી

-//વિરૂધ્ધ//-

સામાવાળા:- ૧. તલાટી કમ મંત્રીશ્રી નાના ભમોદ્રા, તા.સાવરકુંડલા

જન્મ-મરણ નોંધણી અધિનિયમ-૧૯૬૯ ની કલમ-૧૩(૩) હેઠળની અરજી અન્વયે જન્મની નોંધ કરાવવા રૂબરૂ સુનાવણીની નોટીસ

આથી તમો પક્ષકારોને આ નોટીસ આપી સુચીત કરવામાં આવે છે કે, અરજદારશ્રીના પુત્ર ચીમનભાઈ બાલુભાઈ હીરપરાનો જન્મ તા.૨૮/૦૭/૧૯૬૭ ના રોજ મુ.નાના ભમોદ્રા તા. સાવરકુંડલા, જી.અમરેલી મુકામે થયેલ. પરંતુ, કાયદાની અજ્ઞાનતાના કારણે તેઓના જન્મની નોંધ ગ્રામ પંચાયત રેકર્ડ દફતરે કરવાની રહી ગયેલ હોઈ, જન્મની નોંધ કરાવવા અત્રેની કોર્ટમાં અરજી કરેલ છે. આ અરજી અન્વયે રૂબરૂ સુનાવણી મુદત તા.૧૭/૧૧/૨૦૨૬ ના રોજ ૧૬:૦૦ કલાકે મામલતદાર અને એકઝીક્યુટીવ મેજીસ્ટ્રેટ સાવરકુંડલાની કચેરી ખાતે રાખવામાં આવેલ છે.

આ કામે અરજદારશ્રી તેઓની અરજીમાં કરેલ રજુઆતના સમર્થનમાં જે કોઇ આધાર-પુરાવા રજુ કરવાના હોય અરજીમાં જો કુલ બે સાહેદોના સોગંદનામા રજુ કરેલ ના હોય તો તે સાહેદોના સોગંદનામા સાથે સાહેદો સહિત હાજર રહેવું.

આ કામે સામાવાળા (જન્મ નોંધણી રજીસ્ટ્રાર) એ તેઓ હસ્તકના રેકર્ડમાં આ સાથે સામેલ રાખેલ અરજીની વિગત મુજબના ઇસમનો જન્મ નોંધાયેલ છે કે કેમ? તે અંગે જરૂરી પ્રમાણપત્ર તથા અસલ જન્મ-મરણ રજીસ્ટર સાથે હાજર રહેવા જણાવવામાં આવે છે.

વધુમાં આ કામના સામાવાળાને જન્મ નોંધ દફતરે ચડાવી આપવા સામે કોઇને વાંધો હરકત સરખુ હોય તો તેમણે જાતે અગર તેમના મુખત્યાર અથવા વકીલ મારફત અત્રેની કોર્ટમાં ઉકત મુદતે વાંધો તકરાર સાથે હાજર રહેવુ અન્યથા યોગ્ય તે હુકમ કરવામાં આવશે.

સહી.
મામલતદાર અને એકઝીક્યુટીવ મેજિસ્ટ્રેટ,
સાવરકુંડલા

-//મામલતદાર અને એકઝિક્યુટીવ મેજીસ્ટ્રેટ, સાવરકુંડલા//-

રૂબરૂ સુનાવણી નોટીસ

નં.જન્મ/મરણ નોંધણી/ અરજી નં.૪૫૦/૨૦૨૬ તા.૦૪/૧૧/૨૦૨૬

અરજદારશ્રી:- ૧. રમિલાબેન ગુંણવતભાઈ સુતરીયા વાઈફ ઓફ વિનુભાઈ માળવીયા
રહે.નાના લીલીયા તા.સાવરકુંડલા જી.અમરેલી

-//વિરૂધ્ધ//-

સામાવાળા:- ૧. તલાટી કમ મંત્રીશ્રી જુના સાવર, તા.સાવરકુંડલા

જન્મ-મરણ નોંધણી અધિનિયમ-૧૯૬૯ ની કલમ-૧૩(૩) હેઠળની અરજી અન્વયે જન્મની નોંધ કરાવવા રૂબરૂ સુનાવણીની નોટીસ

જન્મ-મરણ નોંધણી અધિનિયમ-૧૯૬૯ ની કલમ-૧૩(૩) હેઠળની અરજી અન્વયે જન્મની નોંધ કરાવવા રૂબરૂ સુનાવણીની નોટીસ

આથી તમો પક્ષકારોને આ નોટીસ આપી સુચીત કરવામાં આવે છે કે, અરજદારશ્રીની પુત્રી રમિલાબેન ગુણવતભાઈ સુતરીયાનો જન્મ તા.૧૬/૦૫/૧૯૬૭ ના રોજ મુ.જુના સાવર તા. સાવરકુંડલા, જી.અમરેલી મુકામે થયેલ. પરંતુ, કાયદાની અજ્ઞાનતાના કારણે તેઓના જન્મની નોંધ ગ્રામ પંચાયત રેકર્ડ દફતરે કરવાની રહી ગયેલ હોઇ, જન્મની નોંધ કરાવવા અત્રેની કોર્ટમાં અરજી કરેલ છે. આ અરજી અન્વયે રૂબરૂ સુનાવણી મુદત તા.૧૭/૧૧/૨૦૨૬ ના રોજ ૧૬:૦૦ કલાકે મામલતદાર અને એકઝીક્યુટીવ મેજીસ્ટ્રેટ સાવરકુંડલાની કચેરી ખાતે રાખવામાં આવેલ છે.

આ કામે અરજદારશ્રી તેઓની અરજીમાં કરેલ રજુઆતના સમર્થનમાં જે કોઇ આધાર-પુરાવા રજુ કરવાના હોય ,અરજીમાં જો કુલ બે સાહેદોના સોગંદનામા રજુ કરેલ ના હોય તો તે સાહેદોના સોગંદનામા સાથે સાહેદો સહિત હાજર રહેવું.

આ કામે સામાવાળા (જન્મ નોંધણી રજીસ્ટ્રાર) એ તેઓ હસ્તકના રેકર્ડમાં આ સાથે સામેલ રાખેલ અરજીની વિગત મુજબના ઇસમનો જન્મ નોંધાયેલ છે કે કેમ? તે અંગે જરૂરી પ્રમાણપત્ર તથા અસલ જન્મ-મરણ રજીસ્ટર સાથે હાજર રહેવા જણાવવામાં આવે છે.

વધુમાં આ કામના સામાવાળાને જન્મ નોંધ દફતરે ચડાવી આપવા સામે કોઇને વાંધો હરકત સરખુ હોય તો તેમણે જાતે અગર તેમના મુખત્યાર અથવા વકીલ મારફત અત્રેની કોર્ટમાં ઉકત મુદતે વાંધો તકરાર સાથે હાજર રહેવુ અન્યથા યોગ્ય તે હુકમ કરવામાં આવશે.

સહી.
મામલતદાર અને એકઝીક્યુટીવ મેજિસ્ટ્રેટ,
સાવરકુંડલા

-//મામલતદાર અને એકઝિક્યુટીવ મેજીસ્ટ્રેટ, સાવરકુંડલા//-

રૂબરૂ સુનાવણી નોટીસ

નં.મરણ નોંધણી/અરજી નં.૯૩/૨૦૨૬

અરજદારશ્રી:- ૧. બસીયા લાડકીબેન રાણીંગભાઈ ડોટર ઓફ રામભાઈ ખુમાણ,
રે. દાનેવ સોસાયટી, બ્લોક નં.૪૪ મીઠાપુર ડુંગરી ચલાલા

- //વિરૂધ્ધ//-

સામાવાળા:- જન્મ મરણ રજીસ્ટારશ્રી, નગરપાલિકા કચેરી, સાવરકુંડલા

જન્મ-મરણ નોંધણી અધિનિયમ-૧૯૬૯ ની કલમ-૧૩(૩) હેઠળની અરજી અન્વયે મરણની નોંધ કરાવવા રૂબરૂ સુનાવણી નોટીસ

આથી તમો પક્ષકારોને આ નોટીસ આપી સુચીત કરવામાં આવે છે કે, અરજદારશ્રીના પિતા રામભાઈ આલાભાઈ ખુમાણનુ મરણ તા.૨૮/૦૭/૧૯૮૨ ના રોજ મુ.તા.સાવરકુંડલા, જી.અમરેલી મુકામે થયેલ. પરંતુ કાયદાની અજ્ઞાનતાના કારણે તેઓના મરણની નોંધ નગરપાલિકા/ગ્રામ પંચાયત રેકર્ડ દફતરે કરવાની રહી ગયેલ હોઈ, મરણની નોંધ કરાવવા અત્રેની કોર્ટમાં અરજી કરેલ છે. આ અરજી અન્વયે રૂબરૂ સુનાવણી મુદત તા.૧૭/૧૧/૨૦૨૬ ના રોજ ૧૬:૦૦ કલાકે મામલતદાર અને એકઝીક્યુટીવ મેજીસ્ટ્રેટ સાવરકુંડલાની કચેરી ખાતે રાખવામાં આવેલ છે.

આ કામે અરજદારશ્રી તેઓની અરજીમાં કરેલ રજુઆતના સમર્થનમાં જે કોઈ આધાર-પુરાવા રજુ કરવાના હોય, અરજીમાં જો કુલ બે સાહેદોના સોગંદનામા રજુ કરેલ ના હોય તો તે સાહેદોના સોગંદનામા સાથે સાહેદો સહિત હાજર રહેવુ.

આ કામે સામાવાળા (મરણ નોંધણી રજીસ્ટ્રાર) એ તેઓ હસ્તકના રેકર્ડમાં આ સાથે સામેલ રાખેલ અરજીની વિગત મુજબના ઈસમનો મરણ નોંધાયેલ છે કે કેમ ? તે અંગે જરૂરી પ્રમાણપત્ર તથા અસલ જન્મ-મરણ રજીસ્ટર સાથે હાજર રહેવા જણાવવામાં આવે છે.

વધુમાં આ કામના સામાવાળાને જન્મ નોંધ દફતરે ચડાવી આપવા સામે કોઈને વાંધો હરકત સરખુ હોય તો તેમણે જાતે અગર તેમના મુખત્યાર અથવા વકીલ મારફત અત્રેની કોર્ટમાં ઉકત મુદતે વાંધો તકરાર સાથે હાજર રહેવુ અન્યથા યોગ્ય તે હુકમ કરવામાં આવશે.

આજ તા.૦૪/૧૧/૨૦૨૬ ના રોજ મારી સહી તથા સિક્કો કરીને આપ્યા.

સહી,
મામલતદાર અને એકઝીક્યુટીવ મેજિસ્ટ્રેટ
સાવરકુંડલા

પંજાબ અને હરિયાણાએ હિમાચલ પ્રદેશને ૧૧,૯૭૩ મિલિયન યુનિટ વીજળી આપવા સુપ્રીમ કોર્ટનો આદેશ

હિમાચલ પ્રદેશના બાકી નીકળતા ૧૧,૯૭૩ મિલિયન યુનિટ વીજળીના લેણાં આગામી ૨૦ વર્ષમાં ચૂકવવાના રહેશે



નવી દિલ્હી,તા.૦૬


સુપ્રીમ કોર્ટે ભાખરા-બિયાસ મેનેજમેન્ટ બોર્ડ (**BBMB**) પ્રોજેક્ટ્સ સાથે સંબંધિત પંજાબ, હરિયાણા અને હિમાચલ પ્રદેશ વચ્ચેના દાયકાઓ જૂના વીજ વિવાદનો અંત આણ્યો છે. કોર્ટના ચુકાદા મુજબ, પંજાબ અને હરિયાણાએ હિમાચલ પ્રદેશના બાકી નીકળતા ૧૧,૯૭૩ મિલિયન યુનિટ વીજળીના લેણાં આગામી ૨૦ વર્ષમાં ચૂકવવાના રહેશે.

કેન્દ્ર સરકારના પ્રસ્તાવને સ્વીકારીને કોર્ટે સ્પષ્ટ કર્યું છે કે આ ચુકવણી રોકડમાં નહીં પરંતુ વીજળીના રૂપમાં જ થશે. ૧૯૬૬થી બાકી રહેલા આ વિવાદમાં ૨૦૧૧ના ચુકાદા અનુસાર હિમાચલ પ્રદેશનો હિસ્સો ૭.૧૯ ટકા નક્કી કરાયો હતો. આ કરારમાં ઐતિહાસિક મૂડી ખર્ચના રૂ.૪૨૦ કરોડ સમાયોજિત કરાતાં હવે હિમાચલે પંજાબ કે હરિયાણાને કોઈ રકમ ચૂકવવી નહીં પડે.

ભારતે 'પ્રલય' સેમી-બેલિસ્ટિક મિસાઈલનું કર્યું સફળ પરીક્ષણ: સેનાની તાકાતમાં થશે વધારો

નવી દિલ્હી,તા.૦૬

ભારતે ઓડિશાના દરિયાકિનારે આવેલા ડૉ. એપીજે અબ્દુલ કલામ દ્વીપ પરથી સ્વદેશી રીતે વિકસિત 'પ્રલય' સરફેસ-ટુ-સરફેસ (સપાટીથી સપાટી પર પ્રહાર કરતી) સેમી-બાલિસ્ટિક મિસાઈલનું સફળ ઉડાન પરીક્ષણ કર્યું છે. સંરક્ષણ સંશોધન અને વિકાસ સંગઠન (**DRDO**) અને રિસર્ચ સેન્ટર ઈમરાત દ્વારા વિકસિત આ મિસાઈલનું નિર્માણ



ભારત ડાયનેમિક્સ લિમિટેડે કર્યું છે.

ઘન-બળતણ આધારિત આ મિસાઈલ ૧૫૦ થી ૫૦૦ કિલોમીટરની રેન્જ ધરાવે છે અને ૫૦૦ થી ૧૦૦૦ કિલોગ્રામ સુધીના વોરહેડ્સ વહન કરવા સક્ષમ છે. પરંપરાગત બાલિસ્ટિક મિસાઈલોથી વિપરીત 'પ્રલય' મિસાઈલ હવામાં ઉડાન દરમિયાન પોતાનો માર્ગ બદલવાની અદભુત ક્ષમતા ધરાવે છે, જેના કારણે દુશ્મન દેશોની એર ડિફેન્સ સિસ્ટમ માટે તેને એન્ટરસેપ્ટ (રોકવી) કરવી અત્યંત મુશ્કેલ બની રહેશે. મોબાઈલ લૉન્ચરથી પ્રક્ષેપિત થઈ શકતી આ મિસાઈલ ભારતીય સેનાની ઓપરેશનલ તાકાતમાં નોંધપાત્ર વધારો કરશે.

દિલ્હીમાં ઝેરી હવા પર સુપ્રીમ કોર્ટ લાલઘૂમ: પ્રદૂષણ માટે માત્ર ખેડૂતો જવાબદાર નથી

નવી દિલ્હી,તા.૦૬

દિલ્હી-એનસીઆરમાં વાયુ પ્રદૂષણની ગંભીર પરિસ્થિતિ અંગે સુપ્રીમ કોર્ટે સુઓ મોટો સુનાવણી હાથ ધરી હતી. મુખ્ય ન્યાયાધીશ સૂર્યકાંતની અધ્યક્ષતાવાળી બેન્ચે સ્પષ્ટ કર્યું કે પ્રદૂષણ માટે માત્ર ખેડૂતો દ્વારા પરાળી બાળવાની ઘટનાઓને દોષ આપી શકાય નહીં, પરંતુ ધનિકોના વાહનો અને સ્થાનિક સ્ત્રોતો પણ તેટલા જ જવાબદાર છે.

સુનાવણી દરમિયાન એમિકસ ક્યુરી અપરાજિતા સિંહે જણાવ્યું કે પરાળી ઉપરાંત પરિવહન, ઊર્જા અને કચરો સળગાવવો એ મુખ્ય સમસ્યાઓ છે.

ખેડૂતોને માત્ર મશીનો આપવાથી ઉકેલ નહીં આવે, કારણ કે બળતણના નાણાં અભાવે તેનો ઉપયોગ અટકે છે. કોર્ટે તમામ સંબંધિત સ્ત્રોતો સામે કડક પગલાં લેવા ટાંક્યું છે.

પટણામાં પોલીસ અને અપરાધીઓ વચ્ચે ભીષણ એન્કાઉન્ટરમાં ત્રણ ગુનેગારો ઠાર

પટણા,તા.૦૬

બિહારની રાજધાની પટણાના માનેર પોલીસ સ્ટેશન વિસ્તાર સ્થિત શેરપુર ગંગા ઘાટ પર પોલીસ અને ગુનેગારો વચ્ચે થયેલા ભીષણ એન્કાઉન્ટરમાં ૩ કુખ્યાત ગુનેગારો માર્યા ગયા છે. માર્યા ગયેલા આરોપીઓમાં પીએસીએસ (**PACS**) પ્રમુખ હત્યા કેસનો મુખ્ય સૂત્રધાર જયપ્રકાશ યાદવ અને તેના બે



સાથીઓ રાજા કુમાર તથા બબલુ યાદવ સામેલ છે.

પોલીસ ટીમે બાતમીના આધારે દરોડો પાડતાં ગુનેગારોએ અંધાધૂંધ ગોળીબાર શરૂ કર્યો હતો, જેમાં માનેર પોલીસ સ્ટેશનના ઈન્ચાર્જ ઘાયલ થયા હતા. પોલીસે આત્મરક્ષાર્થે કરેલા વળતા ગોળીબારમાં ત્રણેય આરોપીઓ વિંધાઈ ગયા હતા. માર્યા ગયેલા તમામ ગુનેગારો સામે હત્યા, ખંડણી, બોમ્બ ધડાકા અને આર્મ્સ એક્ટ હેઠળ અનેક ગંભીર કેસો નોંધાયેલા હતા. ઘટનાસ્થળે એફએસએલ (**FSL**) ની ટીમે પહોંચી પુરાવા એકત્ર કરી આગળની તપાસ હાથ ધરી છે.

શરદ પવાર NDAમાં જોડાયા હોત તો દેશના રાષ્ટ્રપતિ બન્યા હોત: રામદાસ આઠવલે

નવી દિલ્હી,તા.૦૬


કેન્દ્રીય મંત્રી રામદાસ આઠવલેએ **NCP (SP)** નેતા શરદ પવાર અને સુપ્રિયા સુલેને લઈને મોટું નિવેદન આપ્યું છે. તેમણે ઈચ્છા વ્યક્ત કરી હતી કે શરદ પવારે **NDA**માં જોડાણ કરવું જોઈએ. જો પવાર અગાઉ એનડીએમાં જોડાયા હોત તો વર્ષ ૨૦૨૨માં દેશના રાષ્ટ્રપતિ બની શક્યા હોત.



સાથે જ તેમણે ઉમેર્યું કે જો સુપ્રિયા સુલે એનડીએમાં જોડાશે તો તેમનું સ્વાગત કરાશે અને તેમને કેન્દ્રીય મંત્રીમંડળમાં સ્થાન મળી શકે છે. જોકે પવાર પરિવારે આ અંગે કોઈ સમર્થન આપ્યું નથી.

OBC ક્રીમી લેયર મુદ્દે સુપ્રીમ કોર્ટનો મહત્વનો નિર્ણય: માત્ર માતાપિતાનો પગાર આધાર નહીં બને

ખાનગી ક્ષેત્રમાં કામ કરતા કર્મચારીઓના બાળકો સાથે ભેદભાવ કરવો બંધારણની કલમ ૧૪ અને ૧૬નું ઉલ્લંઘન



નવી દિલ્હી,તા.૦૬

સુપ્રીમ કોર્ટે કેન્દ્ર સરકારની સ્પષ્ટીકરણ અરજી પર નિર્ણય આપતાં ઠરાવ્યું છે કે **OBC** ઉમેદવારોનો ક્રીમી લેયર દરજ્જો માત્ર માતાપિતાની પગાર આવકના આધારે નક્કી કરી શકાય નહીં. તે માટે તેમના પદ અને શ્રેણીને પણ ધ્યાનમાં લેવા જરૂરી છે. ન્યાયાધીશ પી.એસ. નરહરિ અને આર. મહાદેવનની બેન્ચે સ્પષ્ટ કર્યું કે ૧૧ માર્ચના નિર્ણયના અમલ માટે કેન્દ્રને ૮ અઠવાડિયાનો સમય આપવામાં આવે છે.

કોર્ટે ટાંક્યું કે અગાઉ પૂર્ણ થયેલી ભરતીઓ, વરિષ્ઠતા અને પ્રમોશનના કેસો ફરી ખોલવામાં આવશે નહીં. ૧૯૯૩ના ઓફિસ મેમોરેન્ડમ મુજબ પદની શ્રેણી જ મુખ્ય આધાર છે. **PSU** કે ખાનગી ક્ષેત્રમાં કામ કરતા કર્મચારીઓના બાળકો સાથે ભેદભાવ કરવો બંધારણની કલમ ૧૪ અને ૧૬નું ઉલ્લંઘન છે.

સોશિયલ મીડિયા પોસ્ટ વિવાદ મામલે સુપ્રીમ કોર્ટે કેરળ કોંગ્રેસના પદાધિકારીઓને નોટિસ પાઠવી

નવી દિલ્હી,તા.૦૬

ભારતના મુખ્ય ન્યાયાધીશ (**CJI**) સૂર્યકાંત સામે સોશિયલ મીડિયા પર કરવામાં આવેલી વિવાદિત પોસ્ટ અંગે સુપ્રીમ કોર્ટે કડક વલણ અપનાવ્યું છે. કોર્ટે કેરળ પ્રદેશ કોંગ્રેસ સમિતિના પ્રમુખ અને સચિવ સહિત તમામ પદાધિકારીઓને કારણ દર્શાવ નોટિસ જારી કરી પૂછ્યું છે કે તેમની સામે અદાલતના



તિરસ્કાર (**Contempt of Court**) ની કાર્યવાહી કેમ શરૂ ન કરવી.

ન્યાયાધીશ અરવિંદ કુમાર અને વિપુલ એમ. પંચોલીની બેન્ચે સ્પષ્ટતા કરી કે બંધારણ સર્વોચ્ચ છે અને ન્યાયતંત્રની સ્વતંત્રતા સાથે કોઈ સમાધાન થઈ શકે નહીં. અભિવ્યક્તિની સ્વતંત્રતાનો ઉપયોગ ન્યાયિક પ્રક્રિયાને ડરાવવા કે દખલ કરવા માટે કરી શકાય નહીં. કેરળ કોંગ્રેસે બિનશરતી માફી માગતાં જણાવ્યું હતું કે આ પોસ્ટ નેતૃત્વની મંજૂરી વિના અપલોડ થઈ હતી અને હવે હટાવી લેવામાં આવી છે. કોર્ટે તમામ પદાધિકારીઓને વ્યક્તિગત હાજરીમાંથી મુક્તિ આપી છે.

ત્રીજી વખત સરકાર બનશે તો પણ નિમણૂક પત્રોનું વિતરણ ચાલુ રહેશે: મુખ્યમંત્રી યોગી આદિત્યનાથ

લખનૌ,તા.૦૬

યુપીમાં સરકારી નોકરીઓ અંગે મોટો સંદેશ આપતાં સીએમ યોગી આદિત્યનાથે સ્પષ્ટ કર્યું છે કે રોજગાર આપવાની પ્રક્રિયા સતત ચાલુ રહેશે. ૯.૫૦ લાખ ભરતીઓ બાદ વધુ ૧ લાખ નિમણૂકોનું લક્ષ્ય પૂર્ણ થવાના આરે છે. બાકીના નિમણૂક પત્રો ત્રીજી વાર સરકાર બન્યા બાદ પણ



વિતરિત કરવામાં આવશે.

લખનૌ પોલીસ લાઈન્સ ખાતે આયોજિત કાર્યક્રમમાં યોગી આદિત્યનાથે ૪,૫૪૩ નવા પસંદ થયેલા પોલીસ સબ-ઈન્સ્પેક્ટરોને નિમણૂક પત્રો એનાયત કર્યા હતા. ઉમેદવારો સાથે વાતચીત કરતાં તેમણે જણાવ્યું કે ૨૦૧૭ પછી ભરતી પ્રક્રિયા સંપૂર્ણ પારદર્શક બની છે. હવે યુવાનોને ભલામણ કે લાંચ વિના માત્ર યોગ્યતાના આધારે જ સમાન તકો સાથે નોકરી મળી રહી છે.

દિલ્હીમાંથી પ્રતિબંધિત PLAનો વોન્ટેડ આતંકવાદી ઝડપાતા મણિપુર પોલીસને સોંપાયો


નવી દિલ્હી,તા.૦૬

દિલ્હી પોલીસની ક્રાઈમ બ્રાન્ચે એક મોટી સફળતા મેળવતાં પ્રતિબંધિત સંગઠન પીપલ્સ લિબરેશન આર્મી (**PLA**) ના વોન્ટેડ આતંકવાદી આર.કે. રીગન સિંહ ઉર્ફે ગાંધી (૩૫) ની ધરપકડ કરી છે. ડીસીપી હર્ષ ઈન્દોરાએ જણાવ્યા મુજબ આરોપી મણિપુરના થૌબલ પોલીસ સ્ટેશનમાં નોંધાયેલા બે **UAPA** કેસોમાં લાંબા સમયથી વોન્ટેડ હતો. ટેકનિકલ સર્વેલન્સ અને ગુપ્ત માહિતીના આધારે પોલીસે યુસુફ સરાઈ વિસ્તારમાંથી આ શંકાસ્પદ આતંકીને ઝડપી પાડ્યો હતો. કાનૂની પ્રક્રિયાઓ પૂર્ણ કર્યા બાદ તેને આગળની તપાસ માટે મણિપુર પોલીસની ટીમને સોંપવામાં આવ્યો છે. પૂછપરછમાં સામે આવ્યું કે તેના કાકા PLAના સ્થાપક સભ્યો પૈકીના એક હતા અને તે પણ આ સંગઠનમાં સક્રિયપણે કાર્યરત હતો.

અમિતાભ બચ્ચનના બંગલા 'જલસા'ને બોમ્બથી ઉડાવી દેવાની ધમકી મળતા પોલીસ એલર્ટ

મુંબઈ,તા.૦૬

બોલિવૂડના મેગાસ્ટાર અમિતાભ બચ્ચનના બંગલા 'જલસા'ને બોમ્બથી ઉડાવી દેવાની ધમકી મળતાં ખળભળાટ મચી ગયો છે. બોમ્બે હાઈકોર્ટને મળેલા એક ધમકીભર્યા ઈમેલમાં હાઈકોર્ટ, બીએસઈ, વરલી રેસકોર્સ અને અમિતાભ બચ્ચનના નિવાસસ્થાનને નિશાન બનાવવાની ચિમકી આપવામાં




આવી હતી. ઈમેલ મળ્યા બાદ મુંબઈ પોલીસ અને સુરક્ષા એજન્સીઓ તાત્કાલિક હરકતમાં આવી ગઈ છે. પોલીસે સંબંધિત સ્થળોએ સુરક્ષા વ્યવસ્થા સઘન બનાવી ઈમેલ મોકલનાર શંકાસ્પદ વ્યક્તિની શોધખોળ અને વધુ તપાસ હાથ ધરી છે.

પાકિસ્તાની સેનાએ PoKમાં પ્રદર્શનકારીઓ પર ડ્રોન-રોકેટથી હુમલો કરતા ૧૮ નાગરિકોના મોત

ઈસ્લામાબાદ,તા.૦૬

પાકિસ્તાન અધિકૃત કાશ્મીર (**PoK**) ના રાવલકોટમાં આસિમ મુનીરની સેના અને રેન્જર્સે શાંતિપૂર્ણ વિરોધ કરી રહેલા નિઃશસ્ત્ર નાગરિકો પર ડ્રોન અને રોકેટ લોન્ચર વડે ભયાનક હુમલો કર્યો છે.

આ ક્રૂર કાર્યવાહીમાં ૪ બાળકો સહિત ૧૮ લોકોના મોત થયા છે અને અનેક લોકો



ગંભીર રીતે ઘાયલ થયા છે.

સસ્તા લોટ તથા મૂળભૂત અધિકારોની માગણી સાથે 'જોઈન્ટ અવામી એક્શન કમિટી'ના નેતૃત્વમાં છેલ્લા પાંચ મહિનાથી જનઆંદોલન ચાલી રહ્યું છે. રાવલકોટ બસ ટર્મિનલ પર હતો. લોકોનો દાવો છે કે પાકિસ્તાની દળો ઘરો, મહિલાઓ અને બાળકોને પણ નિશાન બનાવી રહ્યા છે, જેનાથી સમગ્ર વિસ્તારમાં ભારે ઉશ્કેરાટ વ્યાપી ગયો છે.

એકઠા થયેલા દેખાવકારો પર રેન્જર્સે અંધાધૂંધ ગોળીબાર અને બોમ્બમારો કર્યો

ચીન-લદ્દાખ સરહદ નજીક ૫.૦ ની તીવ્રતાનો ભૂકંપ: જમ્મુ-કાશ્મીર સુધી અનુભવાયા આંચકા

કોલંબો,તા.૦૬

ગુરુવારે રાત્રે ૧૦:૨૬ વાગ્યે ચીનના શિનજિયાંગ પ્રદેશમાં ૫.૦ ની તીવ્રતાનો શક્તિશાળી ભૂકંપ નોંધાયો હતો, જેનું કેન્દ્રબિંદુ ચીન-લદ્દાખ સરહદ નજીક ૧૬૪ કિલોમીટરની ઊંડાઈએ સ્થિત હતું.

આ આંચકા જમ્મુ-કાશ્મીરના અનેક વિસ્તારોમાં અનુભવાયા હતા, પરંતુ



સદભાગ્યે કોઈ મોટી જાનહાનિ કે આર્થિક નુકસાનના અહેવાલ પ્રાપ્ત થયા નથી.

અગાઉ લક્ષદ્વીપ સમુદ્રમાં ૩.૨ અને ફરીદાબાદમાં ૨.૯ ની તીવ્રતાના હળવા આંચકા નોંધાયા હતા. તાજેતરમાં તિબેટીયન ઉચ્ચપ્રદેશ અને હિમાલય ક્ષેત્રમાં ભૂકંપની પ્રવૃત્તિ વધવા પામી છે, જેમાં ઓક્ટોબરમાં તિબેટમાં ૭.૦ ની તીવ્રતાનો વિનાશક ભૂકંપ પણ આવ્યો હતો.

હવામાનમાં પરિવર્તન, ગ્લેશિયર પીગળવા અને ભૂગર્ભીય હલચલને કારણે હિમાલય ક્ષેત્રમાં કુદરતી આફતોનું જોખમ સતત વધી રહ્યું હોવાનું ભૂસ્તરશાસ્ત્રીઓનું માનવું છે.

અમરેલીમાં લેઉવા પટેલ સમાજ ભવનના નિર્માણ માટે ૧૬ વિઘા જમીનનો દસ્તાવેજ કરાયો









અમરેલી,તા.૦૬

અમરેલીના લેઉવા પટેલ સમાજ માટે આનંદના સમાચાર સામે આવ્યા છે. અમરેલી શહેરના સાવરકુંડલા રોડ પર અદ્યતન લેઉવા પટેલ સમાજ ભવનનું નિર્માણ કરવામાં આવનાર છે, જેના માટે ૧૬ વિઘા જમીનનો દસ્તાવેજ ધનતેરસના પાવન પર્વે કરવામાં આવ્યો હતો. આ જમીનની કિંમત રૂ. ૧૦.૮૬ કરોડ છે. સમાજ ભવનના નિર્માણ માટે જમીન ખરીદવાની પ્રક્રિયા પૂર્ણ થતાં હવે અદ્યતન ભવન બનાવવાની કામગીરી શરૂ કરવામાં આવશે. આ સમાજ ભવનના નિર્માણ માટે દિલીપભાઈ સંઘાણી પરિવાર તરફથી રૂ. ૩.૭૧ કરોડથી વધુનું દાન આપવામાં આવ્યું છે. સમાજના આગેવાનો અને દાતાઓના સહયોગથી અમરેલીમાં આધુનિક સુવિધાઓથી સજ્જ ભવનનું નિર્માણ કરવામાં આવશે. આગામી ટૂંકા સમયમાં આ ભવનની નિર્માણ કામગીરી શરૂ કરવામાં આવશે. ધનતેરસના શુભ અવસરે જમીનના દસ્તાવેજ પ્રસંગે ઊર્જા રાજ્યમંત્રી કૌશિક વેકરિયા, અમર ડેરીના ચેરમેન અશ્વિન સાવલિયા, લેઉવા પટેલ સમાજના પ્રમુખ ડી.કે. રૈયાણી, વસંતભાઈ મોવલિયા, કાળુભાઈ ભંડેરી , કાંતિભાઈ વઘાસીયા, મુકેશભાઈ સંઘાણી, મનીષભાઈ સંઘાણી, દિનેશભાઈ ભૂવા, કાળુભાઈ રૈયાણી, ડો.ચંદ્રેશભાઈ ખૂટ, ગોરધનભાઈ માદલીયા, એમ.કે. સાવલીયા, મયુરભાઈ ગજેરા, સુરેશભાઈ દેસાઈ, નારણભાઈ ડોબરીયા, કાળુભાઈ પાનસુરીયા, ચેતનભાઈ ધાનાણી, ચંદુભાઈ રામાણી, ચતુરભાઈ ખૂટ, રમેશભાઈ કાથરોટીયા, ભાવનાબેન ગોંડલીયા, હસમુખભાઈ દુધાત, હરેશભાઈ ધડુક, દયાળભાઈ સંઘાણી, નિંકુજભાઈ સાવલીયા, અનિલભાઈ સખવાળા, મેહુલભાઈ બાબરીયા, વસંતભાઈ માંગરોળીયા, મનસુખભાઈ માંગરોળીયા, ગણપતભાઈ સેજંલીયા, રાજુભાઈ ગઢીયા, જે.આર. પટોળીયા, કાળુભાઈ કાછડીયા, વસંતભાઈ સાવલીયા, જે.એલ. સોજીત્રા સહિત સમાજના અગ્રણી આગેવાનો ઉપસ્થિત રહ્યા હતા. આ પ્રસંગે દિલીપભાઈ સંઘાણીએ લેઉવા પટેલ સમાજ ભવનના આયોજન અને તેની વિશેષતાઓ અંગે વિગતવાર ચર્ચા કરી સમાજના આગેવાનોને માહિતી આપી હતી. સમાજના પ્રમુખ ડી.કે. રૈયાણી અને કાળુભાઈ ભંડેરીએ સમાજ ભવનની આવશ્યકતા, તેની ઉપયોગિતા તેમજ અત્યાર સુધી કરવામાં આવેલી કામગીરીનો અહેવાલ રજૂ કર્યો હતો. ઉપસ્થિત તમામ આગેવાનોનું રાજેશ માંગરોળિયાએ શાબ્દિક સ્વાગત કર્યું હતું. અમરેલીમાં લેઉવા પટેલ સમાજ માટે વિશાળ જમીન પર અદ્યતન સમાજ ભવનનું નિર્માણ થવાથી સામાજિક, શૈક્ષણિક અને વિવિધ સામૂહિક પ્રવૃત્તિઓ માટે સુવિધા ઊભી થશે. ધનતેરસના પવિત્ર દિવસે જમીનના દસ્તાવેજની પ્રક્રિયા પૂર્ણ થતાં સમાજના આગેવાનો અને લોકોમાં આનંદની લાગણી પ્રસરી છે. ટૂંક સમયમાં નિર્માણ કાર્ય શરૂ થવાની જાહેરાત સાથે સમાજ ભવનનું સ્વપ્ન સાકાર થવાની દિશામાં મહત્વપૂર્ણ પગલું ભરાયું છે.

ધનતેરસના પાવન પર્વે ૩. ૧૦.૮૬ કરોડની જમીનનો દસ્તાવેજ પૂર્ણ; દિલીપભાઈ સંઘાણી પરિવાર તરફથી ૩. ૩.૭૧ કરોડથી વધુનું દાન

ગુજરાત હાઈકોર્ટ બાદ મુખ્યમંત્રી કાર્યાલયને પણ બોમ્બથી ઉડાવવાની ધમકી મળતા ખળભળાટ

ખાલિસ્તાન નેશનલ આર્મીના નામે ધમકીભર્યા ઈ-મેઇલ મળતાં પોલીસ તંત્ર એલર્ટ, હાઇકોર્ટમાં બોમ્બ અને ડોગ સ્કવોડ દ્વારા તપાસ શરૂ



અમદાવાદ,તા.૦૬

અમદાવાદ ખાતે ગુજરાત હાઈકોર્ટને બપોરે ૧:૧૧ કલાકે બોમ્બથી ઉડાવી દેવાની ધમકી આપતો ઈ-મેઇલ મળતાં પોલીસ તંત્રમાં દોડધામ મચી ગઈ હતી. ધમકી મળતાં જ બોમ્બ સ્કવોડ, ડોગ સ્કવોડ અને સોલા પોલીસની ટીમ તાત્કાલિક હાઈકોર્ટ ખાતે પહોંચી હતી અને સમગ્ર પરિસરમાં સઘન તપાસ શરૂ કરી હતી. આ દરમિયાન સુરક્ષાના ભાગરૂપે ચેકિંગ હાથ ધરવામાં આવ્યું હતું. જોકે, હાઈકોર્ટની તમામ કોર્ટની કાર્યવાહી રાબેતા મુજબ ચાલુ રહી હતી. બીજી તરફ, બપોરે ૩:૧૧ કલાકે મુખ્યમંત્રી કાર્યાલયને પણ બોમ્બથી ઉડાવી દેવાની ધમકી આપવામાં આવી હતી. ખાલિસ્તાન નેશનલ આર્મીના નામે ધમકીભર્યો ઈ-મેઇલ મળતાં પોલીસ તંત્ર એલર્ટ બન્યું હતું અને તાત્કાલિક તપાસ શરૂ કરવામાં આવી હતી.

દિવાળી વેકેશનમાં ગીરના સિંહોને ખલેલ પહોંચાડનાર સામે થશે કડક કાર્યવાહી



અમદાવાદ,તા.૦૬

દિવાળીના તહેવારોમાં ગીરમાં પ્રવાસીઓનો ધસારો વધતાં એશિયાટિક સિંહોની સુરક્ષા અર્થે વન વિભાગે હાઈ એલર્ટ જાહેર કર્યું છે. ગેરકાયદે લાયન શો અને સિંહોની કુદરતી વર્તણૂકમાં ખલેલ પહોંચાડતી પ્રવૃત્તિઓ રોકવા સ્પેશિયલ ટાસ્ક ફોર્સ દ્વારા મેગા પેટ્રોલિંગ હાથ ધરાયું છે. નિયમભંગ કરનારા સામે વન્યજીવ સંરક્ષણ કાયદા હેઠળ સખત કાનૂની કાર્યવાહી કરવામાં આવશે.

સાબર ડેરી અને સાબરકાંઠા બેંકની ચૂંટણી અચાનક મોકૂફ


હિંમતનગર,તા.૦૬

હિંમતનગરમાં સાબર ડેરી અને સાબરકાંઠા મધ્યસ્થ સહકારી બેંકના ચેરમેન તથા વાઇસ ચેરમેનની ચૂંટણી છેલ્લી ઘડીએ મોકૂફ રખાઈ છે. પ્રદેશ ભાજપે સેન્સ પ્રક્રિયા પૂર્ણ કરી હતી, પરંતુ વર્તમાન ચેરમેન સામે વિરોધ, આંતરિક બળવો અને સોદાબાજીની શક્યતાઓને કારણે ભાજપ નેતૃત્વ હરકતમાં આવ્યું હતું. સાબરકાંઠા અને અરવલ્લીના પશુપાલકો-ખેડૂતો સાથે જોડાયેલી આ સંસ્થાઓમાં ભ્રષ્ટાચારના આક્ષેપો વચ્ચે ગાંધીનગર કક્ષાએથી કડક આદેશ બાદ શુક્રવારની ચૂંટણી સ્થગિત કરવામાં આવી છે. હવે પરિસ્થિતિનો તાગ મેળવ્યા બાદ નવો કાર્યક્રમ જાહેર થશે. સાબર ડેરી વિવાદ અંગે વધુ માહિતી માટે આ વિડિયો જુઓ આ વિડિયો ચૂંટણી પહેલાં સાબર ડેરી અને સહકારી રાજકારણમાં સામે આવેલા આક્ષેપો અને વિવાદો અંગે વિસ્તૃત માહિતી આપે છે.

સૌરાષ્ટ્ર યુનિવર્સિટીનો છબરડો: બીએ સેમેસ્ટર-૩ની પરીક્ષામાં સેમેસ્ટર-૨ના પ્રશ્ન પેપર અપાતાં હોબાળો

રાજકોટ,તા.૦૬

રાજકોટ સ્થિત સૌરાષ્ટ્ર યુનિવર્સિટીની સત્રાંત પરીક્ષા દરમિયાન પરીક્ષા વિભાગની ગંભીર બેદરકારી સામે આવી છે. બીએ સેમેસ્ટર-૩ની પરીક્ષામાં સેમેસ્ટર-૨ના પ્રશ્ન પેપર અંદાજે ૪૫ કોલેજોમાં આપવામાં આવતા પરીક્ષાર્થીઓમાં ભારે અસંતોષ અને ઉહાપોહ મચી ગયો હતો. આ પ્રકાર ભૂલો સળંગ બીજા દિવસે પણ પુનરાવર્તિત થઈ હોવાના આક્ષેપ થયા છે, જેના કારણે પરીક્ષા ખંડમાં વિદ્યાર્થીઓનો કિંમતી સમય બગડ્યો હતો. ઓનલાઈન પ્રશ્ન પેપર ડિલિવરી સિસ્ટમ (QPDS) દ્વારા પેપર મોકલવામાં ભૂલ થતાં ગ્રામીણ વિકાસ અને ભારતીય સમાજ સુધારકો વિષયના બદલે ખોટાં પેપર પહોંચ્યા હતા. NSUI ના અગ્રણી રોહિતસિંહ રાજપૂતે યુનિવર્સિટીની છાપ ખરડાવા અને વિદ્યાર્થીઓના ભવિષ્ય સાથે ચેડાં થવા અંગે ત્વરિત કડક પગલાં લેવાની માંગ કરી છે. ઈન્ચાર્જ પરીક્ષા નિયામકે એક દિવસની ભૂલનો સ્વીકાર કર્યો છે.



સૌરાષ્ટ્ર યુનિવર્સિટી પરીક્ષા ગોટાળા અંગેનો વિડિયો ,સૌરાષ્ટ્ર યુનિવર્સિટીમાં પરીક્ષાઓ દરમિયાન થતી અવારનવારની ગંભીર બેદરકારીઓ અને વિવાદો અંગેની વિસ્તૃત માહિતી રજૂ કરે છે.

અમદાવાદમાં અકસ્માતની ૪ અલગ-અલગ ઘટનામાં બે મહિલા સહિત ૪ લોકોના મોત

અમદાવાદ, તા.૦૬



દિવાળીના તહેવારો પહેલા અમદાવાદ શહેર તેમજ એસ. પી. રિંગ રોડ પર અકસ્માતોની હારમાળા સર્જાતા રસ્તા જીવલેણ બન્યા છે. શહેરના અલગ-અલગ વિસ્તારોમાં બનેલી ૪ અકસ્માતની ઘટનાઓમાં બે મહિલા સહિત કુલ ૪ લોકોએ પોતાના જીવ ગુમાવ્યા છે.

પ્રથમ ઘટનામાં, ન્યૂ વટવાની ૨૨ વર્ષીય પરણિતા મોપેડ પર સાસરી જઈ રહી હતી ત્યારે હાથીજણ સર્કલ પાસે પૂરઝડપે આવેલા ટ્રકે ટક્કર મારતાં સારવાર દરમિયાન તેનું મોત નીપજ્યું હતું. બીજી ઘટનામાં, વટવા GIDC પાસે ટ્રાફિકમાં ઊભેલા દંપતીના મોપેડને કન્ટેનરે ટક્કર મારતાં મહિલાનું ઘટનાસ્થળે જ અકાળે મોત થયું હતું.

ત્રીજી ઘટનામાં, વૈષ્ણોદેવીથી ઓગણજ ટોલટેક્સ પાસે સામેથી રોંગ સાઈડમાં પૂરઝડપે આવતી બાઈકે મોટરસાઈકલને ટક્કર મારતાં રોંગ સાઈડ ચલાવનાર યુવકનું સોલા સિવિલમાં મોત નીપજ્યું હતું. જ્યારે ચોથી ઘટનામાં, રાજેન્દ્રપાર્ક બ્રિજ પાસે રસ્તો ઓળંગી રહેલા માર્બલના કારીગરને અજાણી કારે ટક્કર મારતાં સારવાર દરમિયાન તેમનું અવસાન થયું હતું. અકસ્માત સર્જી ફરાર થઈ ગયેલા વાહનચાલકો સામે ટ્રાફિક પોલીસે ગુના નોંધી વધુ તપાસ હાથ ધરી છે.

રાજકોટમાં ભાણેજોએ મામાની તીક્ષ્ણ હથિયારથી કરી હત્યા, ત્રણ ઝડપાયા

રાજકોટ,તા.૦૬

રાજકોટના થોરાળામાં ઉછીના લીધેલા રૂ.૬૦ હજારની ઉઘરાણી મુદ્દે ત્રણ સગા ભાણેજોએ મામા ચીનાભાઈ પર તીક્ષ્ણ હથિયારથી હુમલો કર્યો હતો. ગંભીર રીતે ઘવાયેલા મામાનું સારવાર દરમિયાન મોત થતાં બનાવ હત્યામાં પલટાયો હતો. થોરાળા પોલીસે ત્રણેય આરોપી ભાણેજોની ધરપકડ કરી આગળની તપાસ હાથ ધરી છે.





